**તેજી હોય કે પછી મંદી**

બજાર તરફનો સાચો દ્રષ્ટિકોણ ઉજાગર કરી, નાના રોકાણકારોના હિતને ધ્યાનમાં રાખી,આધુનિક આર્થિક પ્રવાહો તેમ જ શેર, કોમોડીટી, ફોરેક્ષ વગેરે બજારોની ચાલને તાદશ્ય રજૂ કરી, દેશના ખૂણે ખૂણેથી આવેલ નિષ્ણાતોની સોનેરી સલાહ સાથે અમદાવાદથી પ્રકાશિત થતું, આર્થિક સાપ્તાહિક

**ધી ઇકોનોમિક રેવલ્યૂશન**

**ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ**

વધુ માહિતિ માટે વિઝીટ કરો :
web : www.theeconomicrevolution.in

email : theeconomicrevolution@yahoo.co.in
(M) 9825065387 contact : Narendra Joshi



Nirmal Metro Daily, Ahmedabad

પાનાં ૪, કિંમત રૂ. ૧.૦૦

અમદાવાદથી પ્રકાશિત થતું, પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાચા આપતું , અન્યાય સામે અવાજ ઉઠાવતું ક્રાન્તિકારી નિડર ગુજરાતી દૈનિક

RNI NO. GUJGUJ/2012/48123

# નિર્મલ મેટ્રો

તંત્રી : નરેન્દ્ર જી. જોષી
email : nirmalmetro@yahoo.com
website: www.nirmalmetro.com

NIRMAL METRO

Friday
03.05.2024
Year 12, Issue 113

દૈનિક

● વર્ષ : ૧૨ ● અંક : ૧૧૩ ● તા.૦૩.૦૫.૨૦૨૪ ● શુક્રવાર ● આદ્ય સહતંત્રી : સ્વ. દેવલક્ષ્મી જોષી ● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, જય મંગલ બીઆરટીએસ બસ સ્ટોપ સામે, ૧૩૨' રીંગ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મો. : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

● Year : 12 ● Issue : 113 ● Date : 03.05.2024 ● Friday ● Editor : NARENDRA G. JOSHI ● Page - 4 ● Price : Rs. 1/- ● Annual Sub - 300.
Regd. Office : H-115/991, Nirmal Appartments, Opp. Jaymangal BRTS Bus Stop, 132' Ring Road, Naranpura, AHMEDABAD-380 063. ● Mo. 98250 65387


### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આણંદમાંથી પાકિસ્તાન પર સાધ્યું નિશાન

# આતંકવાદને એક્સપોર્ટ કરતો દેશ આજે ભીખ માંગી રહ્યો છે

## પાકિસ્તાન ભારતમાં એક નબળી સરકાર ઈચ્છે છે, જેમ કે ૨૦૧૪ પહેલાંની સરકાર હતી, એવી સરકાર કે જેના હેઠળ મુંબઈમાં આતંકવાદી હુમલા શક્ય હતા

પ્રતિનિધિ દ્વારા

આણંદ, તા. ૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની એન્ટ્રીથી ગુજરાતના ચૂંટણી પ્રચારમાં નવો પ્રાણ ફૂંકાયો છે. ગુરૂવારે પ્રધાનમંત્રીની ચાર સભાનું ગુજરાતમાં આયોજન કરાયું હતું. જેમાં તેમણે પહેલા સભા સરદાર પટેલની કર્મભૂમિ આણંદ ખાતે સંબોધી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વલ્લભવિદ્યાનગરમાં સભા કરી હતી. જેમાં તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આણંદ અને ખેડા ચૂંટણીમાં બધા રેકોર્ડ તોડશે. પોતાના સંબોધનમાં પીએમ મોદીએ સરદાર સાહેબને પણ યાદ કર્યા. પણ આ ભૂમિ પરથી પીએમ મોદીએ કોંગ્રેસને ત્રણ પડકાર ફેંક્યા હતા. કોંગ્રેસ પર આકરા પ્રહાર કરતા પીએમ મોદીએ કહ્યું કે, કોંગ્રેસના શાસનમાં દેશ અને ગરીબોને અન્યાય થયો. સાથે જ પાકિસ્તાન પર પ્રહાર કરતા કહ્યું કે, જે પાકિસ્તાનના હાથમાં બૉમ્બ હતો આજે તેના હાથમાં ભીખનો કટોરો છે..તો કોંગ્રેસના મેનિફેસ્ટોમાં મુસ્લિમ લીગની છાપ દેખાઈ રહી છે.સાથે જ તેમણે કહ્યું કે, કોંગ્રેસ સંવિધાનને બદલવા માંગે છે. કોંગ્રેસે એવી પણ ખાતરી આરી કે SC, ST, OBC, EWSની અનામત ક્યાંય નહીં જાય..પીએમ મોદીએ જનતાને જંગી બહુમતિ સાથે મતદાન કરવા અપીલ કરી.

પીએમ મોદીએ સભામાં કહ્યું કે, કોંગ્રેસના મેનિફેસ્ટોમાં મુસ્લિમ લીગની છાપ દેખાઈ રહી છે. 'આધી રોટી ખાયેંગે ઈન્દિરા કો લાયેગા'ના નારા લગાડનારા લોકોએ કોંગ્રેસને છોડી દીધી, મોદીને પકડી લીધા. કોંગ્રેસે SC, ST અને OBC ને અંધારામાં રાખી છે. કોંગ્રેસે બક્ષીપંચ માટે દરેક પ્રસ્તાવને નામંજૂર કરી દીધો છે. SC, ST અને OBC આજે દેશમાં ભાજપની સૌથી મોટી તાકાત છે. આજ ભાજપમાં સૌથી વધુ ST, SC અને OBC ધારાસભ્યો અને સાંસદ છે. મંત્રીમંડળમાં પણ આજ સમાજના ૬૦ ટકા મંત્રીઓ છે. કોંગ્રેસની સૌથી મોટી વોટ બેંક માઈનોરીટી છે, એમાં પણ મુસ્લિમ છે. કોંગ્રેસ તુષ્ટિકરણની રાજનીતિ કરે છે. કોંગ્રેસ સંવિધાન બદલવા માંગે છે, કોંગ્રેસ એમની ખાસ વોટ બેંકને આરક્ષણ આપવા માંગે છે. SC, ST અને OBCનું આરક્ષણ મુસ્લિમોને આપવા માંગે છે કોંગ્રેસ. હું સરદાર સાહેબની ભૂમિ પરથી શાહી પરિવારને, શાહજાદાને, કોંગ્રેસને ચેલેન્જ આપું છું.

આગળ પડકાર ફેંકતા તેમણે કહ્યું કે, કોંગ્રેસને મારા ત્રણ પડકાર છે. કોંગ્રેસ દેશને લેખિતમાં ગેરંટી આપે કે સંવિધાન બદલી ધર્મના આધાર પર મુસ્લિમોને આરક્ષણ નહીં આપે. દેશને તોડવાનું કામ નહીં કરે. કોંગ્રેસ દેશને લિખિતમાં આપે SC, ST, ઓબીસી ને મળનાર આરક્ષણમાં સેંધમારી નહીં કરે, અને અધિકારી ન છીનવે. કોંગ્રેસની જે રાજ્યમાં અને સાથીઓની સરકાર છે ત્યાં ક્યારે પણ વોટ બેંકની રાજનીતિ નહીં કરે.

તેમણે કહ્યું હતું કે, શાહજાદા હિમંત હોય તો આવી જાવ. સંવિધાનથી જીવવું અને સંવિધાનથી મરવું શીખવું હોય તો મોદી પાસે આવી જાવ. કોંગ્રેસ મારી ચેલેન્જનો નહીં સ્વીકાર કરે, કેમકે તેમની નિયતમાં ખોટ છે. ઈન્ડિયા ગઠબંધનની વધુ એક પોલ તેમના જ નેતાએ ખોલી દીધી છે. તેઓએ નારો આપ્યો કે વોટ જેહાદ કરો. ઈન્ડિયા ગઠબંધનના નેતાએ વોટ જેહાદની વાત કરી સંવિધાનની વાત કરી. અત્યારસુધી લવ જેહાદ અને લેન્ડ જેહાદ સાંભળ્યું હતું, હવે વોટ જેહાદનો નારો લગાવી રહી છે. ઈન્ડી ગઠબંધનનો ઈરાદો ખુબ ખતરનાક છે. ગુજરાતમાં કોંગ્રેસ પર નિશાન સાધતા પીએમ મોદીએ કહ્યું કે અહીં કોંગ્રેસ મરી રહી છે, ત્યાં પાકિસ્તાન રડે છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન ભારતમાં એક નબળી સરકાર ઈચ્છે છે, જેમ કે ૨૦૧૪ પહેલાની સરકાર હતી, એવી સરકાર કે જેના હેઠળ મુંબઈમાં આતંકવાદી હુમલા શક્ય હતા. જનસભાને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે આપણા દેશમાં કોંગ્રેસની સરકાર સત્તામાં હતી તે વર્ષોમાં પાકિસ્તાન મોટું થયું અને પાકિસ્તાનના આતંકવાદનું ટાયર પંચર થઈ ગયું છે. તેમણે કહ્યું કે જે દેશ એક સમયે આતંકવાદીઓની નિકાસ કરતો હતો તે દેશ હવે લોટની આયાત કરવા માટે ઘરે-ઘરે ભટકી રહ્યો છે, જેના હાથમાં એક સમયે બોમ્બ હતો તેના હાથમાં હવે ભીખ માંગવાનો કટોરો છે. કોંગ્રેસની નબળી સરકાર આતંકવાદના આકાઓને ડોઝિયર આપતી હતી, પરંતુ મોદીની મજબૂત સરકાર આતંકવાદીઓને ઘરમાં ઘુસીને મારી નાખે છે.

રેલીને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે સંયોગ જુઓ, આજે ભારતમાં કોંગ્રેસ નબળી પડી રહી છે. મજા એ છે કે અહીં કોંગ્રેસ મરી રહી છે અને ત્યાં પાકિસ્તાન રડે છે. હવે પાકિસ્તાની નેતાઓ કોંગ્રેસ માટે પ્રાર્થના કરી રહ્યા છે. સાથે જ પાકિસ્તાન શહજાદાને વડાપ્રધાન બનાવવા માટે ઉત્સુક છે અને કોંગ્રેસ પાકિસ્તાનની ચાહક છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન અને કોંગ્રેસ વચ્ચેની આ ભાગીદારી હવે સંપૂર્ણ રીતે ખુલ્લી પડી ગઈ છે.

પીએમ મોદીએ કહ્યું કે આજે લોકો પૂછે છે કે કોંગ્રેસ આટલી પાગલ કેમ થઈ ગઈ છે. કોંગ્રેસ આજે નકલી ફેક્ટરી એટલે કે નકલી માલની ફેક્ટરી બની ગઈ છે. કોંગ્રેસ પોતાને પ્રેમની દુકાન કહીને ખોટો માલ કેમ વેચે છે? પીએમએ વધુમાં કહ્યું કે કોંગ્રેસ ક્યારેય એસસી અને એસટીની ચિંતા કરતી નથી. જ્યારે ૯૦ના દાયકા પહેલા કોંગ્રેસ પણ ઓબીસી અનામત એટલે કે બક્ષી પંચ માટે અનામતની તરફેણમાં ન હતી. વડાપ્રધાને કહ્યું કે વર્ષોથી ઓબીસી સમુદાય કહેતો આવ્યો છે કે ઓબીસી પંચ અને બક્ષી પંચ પંચને બંધારણીય દરજ્જો મળવો જોઈએ. કોંગ્રેસે તેમની વાત ન સાંભળી. વડાપ્રધાન મોદીએ કહ્યું કે ૧૪૦ કરોડ દેશવાસીના સપના પૂરા કરવા મને આશીર્વાદ જોઈએ. મને સરદાર સાહેબની ભૂમિના આશીર્વાદ જોઈએ છે. ગુજરાતની ધરતી પર આશીર્વાદ માંગવા આવ્યો છું. દેશે ૬૦ વર્ષ સુધી કોંગ્રેસનું રાજ જોયું છે. દેશે ૧૦ વર્ષ ભાજપનો સેવાકાળ પણ જોયો છે. કોંગ્રેસનું શાસનકાળ હતો, આ સેવાકાળ છે. ૧૦ વર્ષમાં ભાજપે ૧૦૦ ટકા શૌચાલયો બનાવ્યા છે. ભાજપે ૧૦ વર્ષમાં ૧૪ કરોડ ઘરોમાં નળથી જળ પહોંચ્યું છે. કોંગ્રેસની સરકારમાં ગરીબોના બેંકખાતા નહોતા ખુલ્યા. ૧૦ વર્ષમાં ૫૦ કરોડથી વધુ જનધન ખાતા ખુલ્યા છે. ૨૦૧૪માં દેશની ઈકોનોમી ૧૧ નંબરે હતી. એક ચાવાળાએ દેશની ઈકોનોમી પાંચમાં નબરે પહોંચાડી છે.




### બજારની વાત

તા.૦૨.૦૫.૨૦૨૪

**ઈન્ડેક્ષ**

| | | |
|---|---|---|
| **સેન્સેક્ષ** | | |
| ૭૪૬૧૧.૧૧ | ૧૨૮.૩૩ | ૦.૧૭ % |
| **નિફ્ટી** | | |
| ૨૨૬૪૮.૨૦ | ૪૩.૩૫ | ૦.૧૯ % |
| **કોમોડીટી** | | |
| **ક્રુડ** | | |
| ૬,૬૨૧.૦૦ | -૧.૦૦ | - ૦.૦૨ % |
| **સોનું** | | |
| ૭૦,૬૦૦.૦૦ | -૧૨૫.૦૦ | -૦.૧૮ % |
| **ચાંદી** | | |
| ૭૯,૮૫૦.૦૦ | -૨૦.૦૦ | - ૦.૦૩ % |
| **નેચરલ ગેસ** | | |
| ૧૭૦.૪૦ | ૭.૬૦ | ૪.૬૭ % |
| **ચલણી નાણું** | | |
| **ડોલર / રૂપિયો** | | |
| ૮૩.૭૬૭૫ | ૦.૭૨ | ૦.૮૬ % |



બોલિવૂડની ખૂબ જ લોકપ્રિય ફિલ્મ પ્રેમરોગ છે. આ ફિલ્મમાં અભિનેત્રીના લગ્ન એક ઠાકુર સાથે થાય છે. લગ્નના થોડા સમયમાં જ પતિના મૃત્યુ પછી તે વિધવા બની જાય છે. આવી સ્થિતિમાં તેનો બાળપણનો મિત્ર તેની સાથે લગ્ન કરે છે. તમામ મુશ્કેલીઓ છતાં ફિલ્મના અંતે પ્રેમની જીત થાય છે. આ ફિલ્મમાં ઋષિ કપૂર અને પદ્મિની કોલ્હાપુરી મુખ્ય ભૂમિકામાં હતા. પરંતુ શું તમે વાસ્તવિક જીવનમાં આવી કોઈ ઘટના વિશે સાંભળ્યું છે? તમે કદાચ સાંભળ્યું નહીં હોય પરંતુ આજકાલ આવો જ એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં જોઈ શકાય છે કે, એક યુવતી સફેદ સાડીમાં બેઠી છે અને છોકરો તેની માંગમાં સિંદૂર લગાવે છે. વીડિયોમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે, સફેદ સાડીમાં એક છોકરી જોવા મળી રહી છે. જે ઘણી નાની છે. તે જ સમયે, લગ્ન કરવા માટે આવેલા છોકરાની ઉંમર પણ વધુ નથી. બંને મંદિરમાં બેઠા છે. પંડિતજી મંત્ર વાંચી રહ્યા છે. આ દરમિયાન ઘણી મહિલાઓ પણ નજીક ઉભી હોય છે. છોકરો ખૂબ જ ખુશ દેખાય છે. વીડિયોમાં દેખાઈ રહ્યુ છે કે, છોકરો તે વિધવા છોકરીના કપાળ પર સાતવાર સિંદૂર લગાવે છે. વીડિયોમાં જોઈ શકાય છે કે, સિંદૂર દાન કર્યા બાદ છોકરો અને છોકરી ઘરે પહોંચ્યા અને એકબીજા સાથે ફોટોગ્રાફ્સ પણ પડાવ્યા છે. જોકે, જ્યારે છોકરો ખૂબ ખુશ દેખાય છે ત્યારે છોકરી શાંત ઊભી છે. તેના ચહેરા પર કોઈ હાવભાવ નથી. આ વીડિયો સોશિયલ મીડિયા પર ઘણો જ વાયરલ થઈ રહ્યો છે. અત્યાર સુધી તેને લાખો વખત જોવામાં આવ્યો છે. જ્યારે હજારો લોકોએ તેને લાઈક કર્યો છે. આ વીડિયોમાં ઘણી બધી કોમેન્ટ્સ પણ આવી રહી છે. મોટાભાગના લોકો બંનેને શુભકામનાઓ પાઠવી રહ્યા છે. કોઈ લખી રહ્યું છે કે, પ્રેમ લગ્ન કરનારાઓ આ લોકોની પોસ્ટ લાઈક કરો. તો કોઈ એવું લખી રહ્યું છે કે, તમારે જેને પ્રેમ કરો છે તેની સાથે જ લગ્ન કરવા જોઈએ. એક યુઝરે લખ્યું છે કે, તમે લગ્ન કરીને તમારું જીવન બરબાદ કરી દીધું છે.



### જુનાગઢમાં પીએમ મોદીના કોંગ્રેસ પર પ્રહારો

# જો સરદાર પટેલ ના હોત, તો આપણું જૂનાગઢ પણ પાકિસ્તાનમાં જતું રહ્યું હોત

પ્રતિનિધિ દ્વારા

જૂનાગઢ, તા. ૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જૂનાગઢમાં ચૂંટણી સભાને સંબોધિત કરી હતી. તેમણે જય ગિરનારીના નાદ સાથે સંબોધનની શરૂઆત કરી હતી. વડાપ્રધાન મોદીએ કહ્યું કે ગિરનારની ધરતી પર આવું એ મારુ સૌભાગ્ય છે. સંતો-વડીલોને મારા પ્રણામ, તમારો આ પ્રેમ, આશીર્વાદ મારી મૂડી છે. તમારા આપેલા સંસ્કારથી આજે વિશ્વમાં ભારતનો ડંકો વાગે છે. આ ચૂંટણી સામાન્ય ચૂંટણી નથી. મારુ મિશન દેશને આગળ લઈ જવાનું છે.દરમિયાન વડાપ્રધાને કોગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું હતું કે કાશ્મીરમાં ૩૭૦ કલમ ફરી લાગુ કરવાનો કોંગ્રેસનો એજન્ડા છે. કશ્મીરમાં કોંગ્રેસ ફરી કલમ ૩૭૦ લાગુ કરવા માંગે છે. કોગ્રેસ સીએએ હટાવવા માંગે છે. કોંગ્રેસના સાંસદ દક્ષિણ ભારતને અલગ કરવાની માગ કરે છે. કોંગ્રેસના લોકોને વિભાજનની માનસિકતા વિરાસતમાં મળી છે. કોંગ્રેસને ગુજરાત માટે ખૂબ નફરત છે. ગુજરાતના દરિયાકિનારે એવા અનેક ટાપુઓ છે જ્યા કોઈ નથી રહેતુ. કોંગ્રેસ આવા નિર્જન ટાપુઓનો સોદો કરવાની પેરવીમાં છે. કોંગ્રેસની ખતરનાક વિચારધારાથી દેશને સાવધાન રહેવું જોઈએ. વડાપ્રધાને કહ્યું કે કોંગ્રેસના શાસનમાં જવાનો શહીદ થતા હતા. દિલ્હીથી સીમા પાર કાર્યવાહી કરવા માટે મંજૂરી મળતી નહોતી. કોંગ્રેસ પોતાનો નકાબ હટાવી અસલી રંગમાં આવી ગઈ છે. ૫૦૦ વર્ષ બાદ અયોધ્યામાં ભગવાન રામનું મંદિર બન્યુ છે. કોંગ્રેસે હંમેશા રામ મંદિરનો વિરોધ કર્યો છે. કોંગ્રેસે રામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠાનું આમંત્રણ સ્વીકાર્યું નહોતું. કોંગ્રેસ ભગવાન રામને હરાવી કોને જીતાડવા માંગે છે.વડાપ્રધાન મોદીએ કોંગ્રેસને ત્રણ પડકારો ફેંક્યા હતા. વડાપ્રધાને કહ્યુ કે કોંગ્રેસ લેખિતમાં આપે કે દેશના બંધારણમાં તે કોઈ છેડછાડ કરશે નહી. બંધારણ બદલી ધર્મના આધારે મુસ્લિમોને અનામત આપશે નહીં. ST, OBCનો કોંગ્રેસ અનામતનો અધિકાર છીનવશે નહીં. મારા ત્રણ પડકારોને કોંગ્રેસ દેશને લેખિતમાં ગેરન્ટી આપે. મારા પડકાર પર કોંગ્રેસના નેતાઓ ચૂપ છે. કોંગ્રેસની નિયતમાં ખોટ છે.

### હીટવેવથી પરેશાન થયું ચૂંટણી પંચ

# બિહાર બાદ હવે તેલંગણામાં મતદાનનો સમય લંબાવાશે

## નવા સમય અનુસાર હવે મતદાન સવારે ૭ થી ૫ વાગ્યાના બદલે સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી થશે



એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા. ૨

દેશમાં લોકસભાની ચૂંટણી એવા સમયે યોજાઈ રહી છે જ્યારે આકરી ગરમી પડી રહી છે. તેને જોતા ચૂંટણી પંચ પણ સતર્ક છે. નવીનતમ માહિતી અનુસાર, બિહાર બાદ હવે ચૂંટણી પંચે તેલંગણામાં મતદાનનો સમય લંબાવવાનો નિર્ણય લીધો છે. પંચે ૧૩ મેના રોજ યોજાનારી લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે તેલંગણામાં લોકસભા મતવિસ્તાર અને ઘણી વિધાનસભા બેઠકો માટે મતદાનનો સમય લંબાવ્યો છે. નવા સમય અનુસાર હવે મતદાન સવારે ૭ થી ૫ વાગ્યાના બદલે સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી થશે. બુધવારે હવામાન વિભાગ (IMD) તરફથી મળેલા બુલેટિન મુજબ, રાજયના મોટાભાગના જિલ્લાઓમાં ૬ મે સુધી હીટ વેવની સ્થિતિ યથાવત રહેશે. ચૂંટણી પંચે એક નોટિફિકેશનમાં કહ્યું છે કે ૧૨ લોકસભા મતવિસ્તારોની તમામ વિધાનસભા મતવિસ્તારોમાં મતદાન માટે મતદાનનો સમય લંબાવાયો છે. જ્યારે બાકીની પાંચ સંસદીય બેઠકો પર, આ સમય કેટલીક વિધાનસભા ક્ષેત્રોમાં લાગુ થશે. કરીમનગર, નિઝામાબાદ, ઝહીરાબાદ, મેડક, મલકાજગીરી, સિકંદરાબાદ, હૈદરાબાદ, ચેવેલ્લા, મહબૂબનગર, નગરકુર્નૂલ (SC), નલગોંડા અને ભોંગિર લોકસભા બેઠકો માટે મતદાનનો સમય સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધીનો રહેશે. સમાચાર એજન્સી પીટીઆઈ દ્વારા આ માહિતી આપવામાં આવી છે. આ પહેલા ચૂંટણી પંચે બિહારમાં મતદાનનો સમય લંબાવ્યો હતો. ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, આદિલાબાદ લોકસભા સીટની પાંચ વિધાનસભા સીટ, પેદ્દાપલ્લે સીટની ત્રણ, વારંગલ (SC) સીટની છ, મહેબુબાબાદ (ST) સીટની ત્રણ અને ખમ્મમ લોકસભા બેઠકના પાંચ વિધાનસભા બેઠકોમાં લાગુ થશે. રાજ્યમાં આદિલાબાદ, પેદ્દાપલ્લે, કરીમનગર, નિઝામાબાદ, ઝહીરાબાદ, મેડક, મલકાજગીરી, સિકંદરાબાદ, હૈદરાબાદ, ચેવેલ્લા, મહબૂબનગર, નગરકુર્નૂલ, નલગોંડા, ભોંગિર, વારંગલ, મહબૂબાબાદ અને ખમ્મામ સહિત ૧૭ લોકસભા મતવિસ્તારોનો સમાવેશ થાય છે. ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીમાં BRSએ તેલંગણાની ૧૭માંથી નવ લોકસભા બેઠકો જીતી હતી. જો કે, વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીને મળેલા આંચકા પછી પક્ષપલટાને કારણે બંને રાષ્ટ્રીય પક્ષોએ પાંચ બેઠકો ગુમાવી હતી. તેમાંથી નાગરકર્નૂલથી પી રામુલુ અને ઝહીરાબાદથી બીબી પાટીલ ભાજપમાં જોડાયા હતા.

# અમેરિકાના H-1B વિઝાની અરજીઓમાં ૪૦% ઘટાડો

એજન્સી દ્વારા

વોશિંગ્ટન, તા. ૨

અમેરિકાના એચ-૧બી વિઝા માટે હંમેશા જોરદાર ડિમાન્ડ રહે છે અને કંપનીઓ આ વિઝા મેળવવા માટે જાત જાતના હથકંડા અપનાવે છે. જોકે, અમેરિકાએ તાજેતરમાં એવા કેટલાક સુધારા કર્યા છે જેના કારણે H-1B વિઝાની અરજીઓમાં સીધો ૪૦ ટકાનો ઘટાડો થયો છે. યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસે તાજેતરમાં જાહેરાત કરી છે કે H-1B વિઝા માટે લોટરી એપ્લિકેશનમાં ઘટાડો થયો છે. કેટલાક લોકો લોટરી સિસ્ટમમાં ફાયદો ઉઠાવવા માટે એકથી વધારે અરજીઓ કરતા હોય છે. તેને રોકવાના પગલાં લેવાતા અરજીઓની સંખ્યા તરત ઘટી ગઈ છે.

USCISએ જણાવ્યું કે ગયા વર્ષની સરખામણીમાં આ વખતે H-1B વિઝા માટે ઘણા ઓછા પ્રયાસ કરવામાં આવ્યા છે. તેનું કારણ છે કે અમે લાભાર્થી કેન્દ્રિત સિલેકશન પ્રોસેસ અપનાવી છે. કેટલાક લોકો ખોટી રીતે ફાયદો લેવા સિસ્ટમમાં ચેડા કરતા હતા, પરંતુ તેમને દૂર કરવામાં આવ્યા છે. હવેથી કોઈ પણ આવી રીતે ખોટી અરજી કરશે તો તેની સામે પગલાં લેવાશે.માર્ચના અંતમાં અમેરિકામાં H-1B વિઝા માટે લોટરી થઈ ત્યારે સરકારે ૪.૭૦ લાખથી વધારે અરજીઓ મળી હતી. ગયા વર્ષે સમાન ગાળામાં ૭.૬૦ લાખની આસપાસ અરજીઓ મળી હતી. એટલે કે એક જ વર્ષમાં અરજીઓની સંખ્યામાં ૪૦ ટકા ઘટાડો થયો છે. ઓવરઓલ વર્કર્સની સંખ્યા જોવામાં આવે તે લગભગ સરખી જ છે. ગયા વર્ષના ૪.૪૬ લાખની સરખામણીમાં આ વખતે આંકડો ૪.૪૨ લાખનો છે.H-1B વિઝા પ્રોગ્રામ ૧૯૯૦ના દાયકામાં શરૂ કરવામાં આવ્યો હતો. તેનો હેતુ જે ફિલ્ડમાં લેબર શોર્ટેજ હોય તેમાં બેચલર્સ ડિગ્રી અથવા તેનાથી વધારે એજ્યુકેશન ધરાવતા વર્કર્સને અમેરિકા લાવવાનો હતો. ખાસ કરીને સાયન્સ, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને ગણિતના ક્ષેત્રમાં સ્કીલ્ડ લોકોને અમેરિકા લાવવા માટે આ વિઝાનો ઉપયોગ થાય છે. અમેરિકન કંપનીઓને આ વિઝા પ્રોગ્રામથી ટેલેન્ટેડ લોકો મળી રહે છે. પરંતુ તેના ટીકાકારોનું કહેવું છે કે આના કારણે લોકોના પગાર ઘટે છે અને લેબરને પ્રોટેક્શન મળતું નથી. કંપનીઓ સસ્તા પગારમાં વિદેશી વર્કર્સને લાવવા માટે સ્થાનિક લોકોની છટણી કરે છે.

ઈન્ફોસિસ, એમેઝોન, માઈક્રોસોફ્ટ, એપલ, મેટા, ગૂગલ જેવી ટોચની ટેક્નોલોજી કંપનીઓ H-1B વિઝા પર સૌથી વધુ લોકોને હાયર કરે છે.છેલ્લા કેટલાક વર્ષોમાં ઈલેક્ટ્રોનિક રજિસ્ટ્રેશન ફી માત્ર ૧૦ ડોલર રાખવામાં આવી હતી, આ ઉપરાંત ફિઝિકલ પેપરવર્ક સબમિટ કરવાની પણ જરૂરિયાત નથી રહી. તેના કારણે તેનો ઘણો દુરુપયોગ થવા લાગ્યો હતો. USCIS પાસે એવા કિસ્સા પણ આવ્યા છે જેમાં એક વ્યક્તિએ એક જ વર્ષમાં ૮૩ જોબ ઓફર માટે અરજી સબમિટ કરી હતી. નવા રૂલ વ્યવસ્થિત છે અને તેમાં દરેકને સરખો ચાન્સ મળશે ભલે પછી તેની પાસે ગમે તેટલી જોબ ઓફર હોય.

H-1B વિઝાની સંખ્યા વધારવા માટે ભારતે હંમેશા માંગણી કરી છે કારણ કે આ વિઝાનો લાભ લેવામાં ભારતીયો હંમેશાથી આગળ રહ્યા છે. કેટલાક કડવા અનુભવો પછી અમેરિકન ઓથોરિટીને સમજાયું કે આ સિસ્ટમમાં કેટલીક ખામી છે જેનો અમુક કંપનીઓ ઘણો દુરુપયોગ કરે છે. USCISના આંકડા પ્રમાણે ૨૦૨૨માં ૪.૪૧ લાખ H-1B વિઝા એપ્લિકેશન એપ્રૂવ કરવામાં આવી હતી જેમાંથી ૭૨ ટકા કરતા વધારે અરજીઓ ભારતની હતી. ત્યાર પછી ચીનની ૧૨.૫ ટકા અરજીઓ એપ્રૂવ થઈ હતી કેનેડા ત્રીજા નંબર પર હતું અને તેની માત્ર એક ટકા અરજીઓને એપ્રૂવ કરવામાં આવી હતી.

# નિર્મલ મેટ્રો

## તંત્રીની કલમે....

અફવા ફેલાવનારાઓનો મૂળ ઉદ્દેશ્ય લોકોમાં ગભરાટ ફેલાવવાનો અને વહીવટીતંત્રને હેરાન કરવાનો છે. તેઓ સારી રીતે જાણે છે કે જો તેઓ આમ કરશે તો તેમને આકરી સજાનો સામનો કરવો પડી શકે છે. તેમ છતાં અફવાઓનો પ્રવાહ બંધ થઈ રહ્યો નથી. દિલ્હી અને રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રની લગભગ ૧૦૦ શાળાઓમાં બોમ્બ મુકવામાં આવ્યા હોવાની મેલ દ્વારા માહિતી આપવી એ આનો લેટેસ્ટ એપિસોડ છે. આ મેઈલ બુધવારે વહેલી સવારે મોકલવામાં આવ્યો હતો. જે બાદ સ્વાભાવિક રીતે જ અરાજકતાનો માહોલ સર્જાયો હતો. શાળાઓ ખાલી કરાવવામાં આવી હતી. પોલીસ અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડે શાળાઓમાં તપાસ શરૂ કરી હતી. સમગ્ર વહીવટીતંત્રનું ધ્યાન બપોર સુધી આ તરફ કેન્દ્રિત રહ્યું હતું. આખરે ખબર પડી કે માહિતી ખોટી હતી. આ મેઈલ ક્યાંથી મોકલવામાં આવ્યો હતો તે પોલીસે શોધી કાઢ્યું છે. આ પહેલા પણ કેટલીક શાળાઓમાં બોમ્બ મૂકવાની આવી જ ખોટી માહિતી આપવામાં આવી હતી, જેના કારણે વહીવટીતંત્રને બિનજરૂરી રીતે પરેશાન થવું પડ્યું હતું. આ સમયે ચૂંટણીની ઘણી ગતિવિધિઓ છે, આથી આવી માહિતીએ વહીવટીતંત્રને આડે હાથ લીધું હતું. આ રીતે, છેલ્લા કેટલાક વર્ષોમાં બોમ્બ મૂકવાની માહિતી આપવાના કિસ્સાઓ ઝડપથી વધી રહ્યા છે. વિમાનમાં બોમ્બ રાખવાની અફવા એક સામાન્ય બાબત બની ગઈ છે. આવી ખોટી માહિતી આપનારા પણ પકડાય છે. તેમાંથી ઘણાને લાંબા ગાળાની સજા પણ થઈ છે. તેમ છતાં અફવા ફેલાવનારાઓ કોઈ પાઠ ભણી રહ્યા નથી, તેનું એક કારણ યુવાનોમાં પોલીસને હેરાન કરીને ક્ષણિક સુખ મેળવવાની વૃત્તિ છે. બીજું, ઘણા લોકો ચિડાઈને અથવા કોઈને પાઠ ભણાવવાના ઈરાદાથી આવું કરે છે. સંચાર સંસાધનોના પ્રસાર અને તેનો ઉપયોગ કરવાની છુપી પદ્ધતિઓએ ખોટી માહિતીમાંથી આનંદ મેળવવાની વૃત્તિમાં વધુ વધારો કર્યો છે. આવા લોકો પોતાની વિવેકબુદ્ધિનો ઉપયોગ કરીને સમજી શકતા નથી કે આવી માહિતીના કારણે લોકોને કેટલી મુશ્કેલીનો સામનો કરવો પડે છે અને ક્યારેક તો મોટા અકસ્માતો પણ સર્જાય છે. સારી વાત એ છે કે પોલીસે આવી માહિતી પર ઝડપી કાર્યવાહી કરવા માટે વ્યવસ્થિત સિસ્ટમ વિકસાવી છે.

# વીનસોલ એન્જીનિઅર્સ લી. એનએસઈ - એસએમઈ આઈપીઓ પૃથ્થકરણ (અરજી કરો)

દિલીપ દાવડા (Courtesy: Chittorgarh.com)

- ડબલ્યુઈએલ એ પવન અને સૌર ઉર્જા ઉત્પાદન કંપનીઓ માટે બીઓપી સોલ્યુશન્સ પ્રદાન કરતી એકીકૃત ઈપીસી કંપની છે.
- તેણે તેની સમજદાર ખર્ચ વ્યવસ્થાપન યોજનાઓ સાથે ના.વ.૨૩ થી તેની નીચેની રેખાઓમાં ક્વોન્ટમ જમ્પને ચિહ્નિત કર્યું.
- ના.વ.૨૪ની વાર્ષિક કમાણીના આધારે, ઈશ્યૂ વ્યાજબી કિંમતનો લાગે છે.
- આ ઓફર ડોક્યુમેન્ટ ફાઈલ કર્યા મુજર તેમની પાસે આશરે રૂ.૯૮+ કરોડ ની ઓર્ડર બુક છે.
- રોકાણકારો મધ્યમથી લાંબા ગાળાના વળતર માટે રોકાણ કરી શકે છે.

**કંપની વિશે:**

વિન્સોલ એન્જિનિયર્સ લિ. (ડબલ્યુઈએલ) એક સંકલિત એન્જિનિયરિંગ, સંપાદન, બાંધકામ અને કમિશનિંગ કંપની છે જે પવન અને સૌર ઉર્જા ઉત્પાદન કંપનીઓ માટે બેલેન્સ ઓફ પ્લાન્ટ (બીઓપી) સોલ્યુશન્સ પ્રદાન કરે છે. બીઓપી સોલ્યુશન્સ માટેની તેની મુખ્ય સેવાઓમાં ફાઉન્ડેશન વર્ક, સબસ્ટેશન સિવિલ અને ઈલેક્ટ્રીકલ વર્ક, રાઈટ ઓફ વે સેવાઓ, સબસ્ટેશન અને ગ્રીડને કેબલીંગ અને પરચુરણ કામનો સમાવેશ થાય છે.

આ કંપનીના ક્લાયન્ટ રિન્યુએબલ એનર્જી ઉદ્યોગમાં છે જેઓ પ્રોજેક્ટ સમયસર પૂર્ણ કરવાના ઐતિહાસિક ટ્રેક રેકોર્ડ, તેની કુશળતા અને વ્યવસાયમાં વ્યાપક અનુભવ અને ખર્ચ કાર્યક્ષમતાને કારણે બીઓપી સોલ્યુશન્સ માટે આ કંપનીને પસંદ કરે છે. ઉઈન ના મુખ્ય બીઓપી સોલ્યુશન્સ ઉપરાંત, કંપની પ્લાન્ટ હેન્ડલિંગ અને મોનિટરિંગ માટે ઓપરેશન અને મેન્ટેનન્સ સેવાઓ પણ પૂરી પાડે છે. ત આઈએસઓ-૯૦૦૧-૨૦૧૫,આઈએસઓ-૧૪૦૦૧-૨૦૧૫ અને આઈએસઓ-૪૫૦૦૧-૨૦૧૮ પ્રમાણિત કંપની છે જે ગુણવત્તામાં તેની એક્ઝેક્યુશન ક્ષમતાઓ દર્શાવે છે. કંપની પાસે વિવિધ પ્રોજેક્ટના અમલીકરણ માટે ૨૦૦ થી વધુ (એન્જિનિયર્સ અને ટેકનિશિયન)ની કુલ ટીમ છે. તે સુઝલોન, અદાણી ગ્રીન એનર્જી, પાવરિકા લિમિટેડ અને કેપી એનર્જી લિમિટેડ સહિતના વિવિધ ગ્રાહકો માટે ટર્નકી ધોરણે વિવિધ પ્રોજેક્ટ્સનું અમલીકરણ કરી રહી છે.

આ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસની તારીખ સુધીમાં, કંપની પાસે ૪૧ થી વધુ મુખ્ય ચાલુ પ્રોજેક્ટ્સ છે જેનું કુલ મૂલ્ય આશરે રૂ. ૧૧૯.૫૩ કરોડ છે જેમાંથી રૂ.૨૧.૧૫ કરોડ થી વધુના ઈનવોઈસ ૩૧ માર્ચ, ૨૦૨૪ ના રોજ સબમિટ કરવામાં આવેલા છે પરિણામે રૂ.૯૮.૩૮ની ઓર્ડર બુક. કરોડ જે હજુ સુધી અમલમાં નથી આવી અથવા જેના માટે ઈન્વોઈસ સબમિટ કરવામાં આવ્યું નથી, મેનેજમેન્ટ અંદાજના આધારે, તે મજબૂત ઓર્ડર બુક સૂચવે છે. મેનેજમેન્ટના જણાવ્યા અનુસાર, આ સ્થિતિ તેમના બિઝનેસ ઈતિહાસમાં પ્રથમ વખત આવી છે અને તે આગળ પડતી સંભાવનાઓનું સૂચક છે. કંપની પાસે આશરે હશે. ૭૦% આવક વિન્ડ મિલ્સમાંથી અને બાકીની સોલાર સિસ્ટમમાંથી આવે છે. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ સુધીમાં, તેના પગારપત્રક પર ૨૭૦ કર્મચારીઓ હતા.

**ઈશ્યૂની વિગત અને મૂડીનો ઈતિહાસ**

આ કંપની મેઈડન બુકબિલ્ડીંગ આઈપીઓ રૂટ દ્વારા તેનો રૂ. ૧૦ નો એક એવા ૩૧૧૫૨૦૦ ઈક્વીટી શેર ઓફર કરી અપર કેપના આધારે રૂ.૨૩.૩૬ કરોડ એકત્રિત કરવા મૂડી બજારમાં આવી રહી છે. આ માટે પેણે રૂ. ૭૧ થી રૂ. ૭૫ના પ્રાઈઝબેન્ડની જાહેરાત કરેલ છે. જાહેર ભરણા માટે આ ઈશ્યૂ તા.૦૬ મે, ૨૦૨૪ ના રોજ ખુલશે છે અને તા.૦૯ મે, ૨૦૨૪ ના રોજ બંધ થશે. ઓછામાં ઓછી અરજી ૧૬૦૦ શેર માટે અને તે પછી તેના ગુણાંકમાં કરવાની રહેશે. ફાળવણી પછી, શેર એનએસઈ એસએમઈ પર સૂચિબદ્ધ થશે.આ ઈસ્યુ કંપનીની આઈપીઓ પછીની પેઈડ-અપ મૂડીના ૨૭.૦૧ % હિસ્સો ધરાવે છે.આઈપીઓ ની ચોખ્ખી આવકમાંથી, તે રૂ. ૧૫.૦૦ કરોડ કાર્યકારી મૂડી માટે, અને બાકીના સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે ખર્ચશે.

આ ઈસ્યુ સંપૂર્ણપણે બીલાઈન કેપિટલ એડવાઈઝર્સ પ્રા. લિ. દ્વારા સંચાલિત છે. લિ., અને કેફિન ટેક્નોલોજીસ લિ. ઈશ્યુના રજીસ્ટ્રાર છે. બીલાઈન ગ્રુપની સ્પ્રેડ એકસ સિક્યુરીટીસ પ્રા. લી. આ કંપની માટે બજાર નિર્માતા છે.

કંપનીએ સમાન ધોરણે પ્રારંભિક ઈક્વિટી મૂડી જારી કરેલ છે અને જૂન ૨૦૧૯ માં શેર દીઠ રૂ.૧૦૦૦ ના નિશ્ચિત ભાવે વધુ ઈક્વિટી શેર જારી કર્યા છે. તેણે ડિસેમ્બર ૨૦૨૩ માં ૧ માટે ૪૨૦ ના ગુણોત્તરમાં બોનસ શેર પણ જારી કર્યા છે. પ્રમોટરો દ્વારા શેરના સંપાદનની સરેરાશ કિંમત રૂ.નીલ, રૂ. ૦.૯૬, અને રૂ. ૪.૮૫ પ્રતિ શેર છે.

આઈપીઓ પછી, કંપનીની વર્તમાન પેઈડ-અપ ઈક્વિટી મૂડી રૂ.૮.૮૨ કરોડ છે તે વધીને રૂ. ૧૧.૫૪ કરોડ થશે. આઈપીઓ પ્રાઈસના આધારે, કંપની રૂ.૮૬.૫૧ કરોડનું માર્કેટ કેપ નિહાળી રહી છે.

**આર્થિક દેખાવ**

આર્થિક દેખાવને મોરચે, છેલ્લા છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં , આ કંપનીએ કુલ આવક / ચોખ્ખો નફો રૂ. ૨૨.૨૫ કરોડ /રૂ. ૦.૪૯ કરોડ (ના. વ.૨૧), રૂ. ૬૦.૮૦ કરોડ /રૂ. ૧.૦૯ કરોડ (ના. વ.૨૨), અને રૂ. ૬૫.૪૫ કરોડ /રૂ. ૫.૧૮ કરોડ (ના. વ. ૨૩) નોંધાવેલ છે. તા. ૩૧મી ડીસેમ્બર ૨૦૨૩ ના રોજ પુરા જતા ના.વ.૨૪ ના ૯માસ માટે, તેણે રૂ. ૫૨.૦૨ કરોડ ની કુલ આવક પરનો ચોખ્ખો નફો રૂ.૬.૭૭ કરોડ મેળવ્યો. ના.વ.૨૩ અને ૯માસ-ના.વ.૨૪ માટે બોટમ લાઈન્સમાં ક્વોન્ટમ જમ્પ તેના સર્વિસિંગ/મટિરિયલ્સ ઑફરિંગમાં ફેરફારને આભારી છે જેણે ઉચ્ચ માર્જિન લાવ્યા હતા, જે અગાઉ સપ્લાયર્સ દ્વારા માણવામાં આવ્યા હતા. ઉચ્ચ આવક અને ચોખ્ખી કમાણીના વલણને જાળવી રાખવા માટે મેનેજમેન્ટને વિશ્વાસ છે.

છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં તેણે સરેરાશ ઈપીએસ રૂ.૨.૬૮ અને સરેરાશ આરઓએનડબલ્યુ ૪૩.૬૧ ટકા દર્શાવેલ છે. ૩૧મી ડીસેમ્બર, ૨૦૨૩ના રોજ ઈશ્યૂની કિંમત તેની એનએવી રૂ.૧૮.૧૪ ના આધારે ૪.૧૪ ની પી/બીવીથી આવે છે, અને આઈપીઓ પછીના એનએવી રૂ. ૩૩.૪૯ ના આધારે ૨.૨૪ ની પી/બીવીથી આવે છે (અપર કેપના આધારે)

જો આપણે ના. વ. ૨૪ ની કમાણીને વાર્ષિક ધોરણે ગણીએ અને તેને આઈપીઓ પછીની સંપૂર્ણ પાતળી પેઈડ-અપ ઈક્વિટી મૂડીને આધારે વહેંચીએ, તો માગવામાં આવેલ કિંમત૯.૫૮ ના પી/ઈ પર આવે છે. ના.વ.૨૩ની કમાણીના આધારે, ઈશ્યૂની કિંમત ૧૬.૭૦ ના પી/ઈ પર છે. આમ ઈશ્યુ આક્રમક કિંમતનો આવેલ છે.

અહેવાલના સમયગાળા માટે, કંપનીનો પીએટી માર્જિન ૨.૨૩% (ના.વ.૨૧), ૧.૭૯% (ના.વ.૨૨), ૭.૯૨% (ના.વ.૨૩), ૧૩.૦૪% (૯માસ - ના.વ.૨૪) અને સદર ગાળા માટે આરઓસી માર્જીન અનુક્રમે ૧૧.૭૧%, ૧૬.૧૪%, ૪૬.૧૯%, ૪૪.૧૮% દર્શાવેલ છે

**ડિવિડન્ડ પોલિસી:**

કંપનીએ ઓફર ડોક્યુમેન્ટના રિપોર્ટ કરેલા સમયગાળા માટે કોઈ ડિવિડન્ડ જાહેર કર્યું નથી. તે તેની નાણાકીય કામગીરી અને ભાવિ સંભાવનાઓના આધારે સમજદાર ડિવિડન્ડ નીતિ અપનાવશે.

**લીસ્ટેડ સમાન કંપનીઓ સાથે સરખામણી**

ઓફર ડોક્યુમેન્ટ મુજબ, કંપનીએ કોન્સ્ટેલેક એન્જી.ને તેમના લિસ્ટેડ સાથીદારો તરીકે દર્શાવેલ છે. તે ૩૦.૦ ના પી/ઈ પર ટ્રેડ થઈ રહ્યો છે (૩૦ એપ્રિલ, ૨૦૨૪ મુજબ). જો કે, તેઓ ખરેખર ચૂસ્ત રીતે તુલનાત્મક નથી.

**મર્ચંટ બેંકરનો ટ્રેક રેકર્ડ**

છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં (ચાલુ એક સહિત) બીલાઈન કેપિટલ તરફથી આ ૩૬મો આદેશ છે, છેલ્લી ૧૦ સૂચિમાંથી, તમામ લિસ્ટિંગની તારીખે ૫.૮૮% થી ૨૦૦% સુધીના પ્રીમિયમ સાથે સૂચિબદ્ધ થયા છે.

**નિષ્કર્ષ / રોકાણ વ્યૂહરચના**

કંપની પવન અને સૌર ઉર્જા ઉત્પાદન સ્થાપનો/જાળવણી અને સામગ્રી પુરવઠાના વ્યવસાયમાં છે જે છેલ્લા કેટલાક વર્ષોથી વધી રહેલ છે અને ભારત સરકારની નવીનીકરણીય વીજ ઉત્પાદન યોજનાઓ અને ખર્ચ હેઠળ ઉજ્જવળ સંભાવનાઓ માટે તૈયાર છે. આ કંપનીએ અહેવાલ કરેલા સમયગાળા માટે તેની ટોચ અને નીચેની લાઈનમાં વૃદ્ધિ દર્શાવી છે. ના.વ૨૪ની વાર્ષિક કમાણીના આધારે, ઈશ્યૂ વ્યાજબી કિંમતનો લાગે છે. રોકાણકારો મધ્યમથી લાંબા ગાળાના વળતર માટે આ આકર્ષક ઓફરમાં રોકાણ કરી શકે છે.

DISCLAIMER: No financial information whatsoever published anywhere here should be construed as an offer to buy or sell securities, or as advice to do so in any way whatsoever. All matter published here is purely for educational and information purposes only and under no circumstances should be used for making investment decisions. Readers must consult a qualified financial advisor prior to making any actual investment decisions, based on information published here. With entry barriers, SEBI wants only well-informed investors to participate is such offers. With crazy recent listings, SME IPOs have started drawing the attention of investors across the board. However, as SME issues have entry barriers and continued low preference from broking community, any reader taking decisions based on any information published here does so entirely at own risk. Above information is based on information available as on date coupled with market perceptions. Author has no plans to invest in this offer

# એમસીએક્સ પર ચાંદીના વાયદાના ભાવમાં રૂ.૪૪૫નો ઘટાડો, સોનામાં રૂ.૧૫નો સુધારો : ક્રૂડ તેલમાં રૂ.૨૯ની વૃદ્ધિ




મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૪૭,૯૧૧.૧૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૧,૦૭૭.૮૨ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૩૬૮૨૭.૭૩ કરોડનો હતો. કીમતી ધાતુઓના વાયદાઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૭૧,૨૭૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૧,૨૭૮ અને નીચામાં રૂ.૭૦,૫૨૭ ના મથાળે અથડાઈ, રૂ.૧૫ વધી રૂ.૭૦,૭૪૦ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૫૮ ઘટી રૂ.૫૭,૧૩૫ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૯ ઘટી રૂ.૭,૦૦૦ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨૨ ઘટી રૂ.૭૧,૦૫૨ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૮૦,૦૪૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૮૦,૧૩૯ અને નીચામાં રૂ.૭૯,૧૫૬ ના મથાળે અથડાઈ, રૂ.૪૪૫ ઘટી રૂ.૭૯,૪૨૫ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૪૦૫ ઘટી રૂ.૮૦,૮૦૧ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૪૧૮ ઘટી રૂ.૮૦,૭૯૯ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ તાંબુ મે વાયદો રૂ.૮૫૮ના ભાવે ખૂલી, રૂ.૬.૪૦ ઘટી રૂ.૮૪૯.૨૦ જ્યારે એલ્યુમિનિયમ મે કોન્ટ્રેક્ટ રૂ.૨.૯૫ ઘટી રૂ.૨૩૩.૧૫ તેમ જ સીસું મે કોન્ટ્રેક્ટ રૂ.૦ કોઈ ફેરફાર વગર રૂ.૧૯૧ના ભાવ થયા હતા. જસત મે કોન્ટ્રેક્ટ રૂ.૧.૮૦ વધી રૂ.૨૫૬ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની મે વાયદો ૧ કિલોદીઠ રૂ.૨.૭૫ ઘટી રૂ.૨૩૩.૯૫ સીસુ-મિની મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૫ ઘટી રૂ.૧૯૦.૩૫ જસત-મિની મે વાયદો રૂ.૧.૭૫ વધી રૂ.૨૫૫.૪૦ બોલાઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ ક્રૂડ તેલ મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૬૪૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૬૭૮ અને નીચામાં રૂ.૬,૬૩૨ ના મથાળે અથડાઈ, રૂ.૨૯ વધી રૂ.૬,૬૫૧ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.૨૩ વધી રૂ.૬,૬૪૯ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ મે વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૬૩ના ભાવે ખૂલી, રૂ.૨.૯૦ વધી રૂ.૧૬૫.૭૦ અને નેચરલ ગેસ-મિની મે વાયદો ૩ વધી ૧૬૫.૯ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ કોટન ખાંડી મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૭,૩૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૭,૪૬૦ અને નીચામાં રૂ.૫૭,૩૮૦ ના મથાળે અથડાઈ, રૂ.૩૪૦ વધી રૂ.૫૭,૪૬૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ મે કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૫૦ વધી રૂ.૯૩૩.૭૦ બોલાયો હતો. કામકાજની દષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૫,૪૨૪.૦૯ કરોડનાં અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩,૮૩૯.૦૫ કરોડનાં વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૮૦૯.૭૫ કરોડનાં ૨૧,૨૧૨ લોટ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૧,૧૧૬.૭૭ કરોડનાં ૭૩,૧૩૩ લોટ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૩૦૭.૭૩ કરોડનાં ૫,૦૯૮ લોટ સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૪૧.૮૧ કરોડનાં ૭૬૫ લોટ તાંબાના વાયદાઓમાં રૂ.૧,૫૦૫.૧૯ કરોડનાં ૭,૦૭૦ લોટ અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૭૮૯.૨૨ કરોડનાં ૧૩,૦૧૦ લોટના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૩.૬૩ કરોડનાં ૧૩ લોટ મેન્થા તેલ વાયદામાં રૂ.૬.૦૭ કરોડનાં ૧૮૧ લોટનાં કામકાજ થયાં હતાં. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૯.૩૯ કરોડનાં ૧૦૫ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૩૯૮ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ મે વાયદો ૧૭,૯૭૫ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૭,૯૯૧ અને નીચામાં ૧૭,૮૦૨ બોલાઈ, ૧૮૯ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૪૨ પોઈન્ટ ઘટી ૧૭,૮૫૫ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૩૬૮૨૭.૭૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ મે રૂ.૬,૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૩૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૪૧.૮૦ અને નીચામાં રૂ.૧૨૩ ના મથાળે અથડાઈ, રૂ.૫.૩૦ વધી રૂ.૧૩૧.૩૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ મે રૂ.૧૭૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૬.૪૫ ખૂલી, ઉપરમાં રૂ.૭.૫૦ અને નીચામાં રૂ.૬.૩૦ રહી, અંતે રૂ.૧.૧૫ વધી રૂ.૭.૨૫ થયો હતો. સોનું મે રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫૭.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૮૮.૫૦ અને નીચામાં રૂ.૪૨૧.૫૦ ના મથાળે અથડાઈ, રૂ.૩૭.૫૦ ઘટી રૂ.૪૪૫ થયો હતો, જ્યારે સોનું-મિની મે રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫૦.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૫૯૯.૫૦ અને નીચામાં રૂ.૪૨૨ રહી, અંતે રૂ.૩૫ ઘટી રૂ.૪૫૮.૫૦ થયો હતો.

ચાંદી જૂન રૂ.૮૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨,૧૧૨.૫૦ના ભાવે ખૂલી, રૂ.૧૭૫.૫૦ ઘટી રૂ.૧,૮૪૧ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૮૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૨,૩૯૦.૫૦ના ભાવે ખૂલી, રૂ.૨૧૦ ઘટી રૂ.૨,૧૮૦.૫૦ થયો હતો. ક્રૂડ તેલ-મિની જૂન રૂ.૬,૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨.૧૦ ઘટી રૂ.૨૮૦ નેચરલ ગેસ-મિની મે રૂ.૧૭૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧.૨૦ વધી રૂ.૭.૩૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ મે રૂ.૬,૬૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૩૧.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૪૩.૫૦ અને નીચામાં રૂ.૧૧૨.૫૦ ના મથાળે અથડાઈ, રૂ.૨૦.૭૦ ઘટી રૂ.૧૨૬.૬૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ મે રૂ.૧૬૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૭.૭૦ ખૂલી, ઉપરમાં રૂ.૭.૭૦ અને નીચામાં રૂ.૬.૧૫ રહી, અંતે રૂ.૧.૩૫ ઘટી રૂ.૬.૪૦ થયો હતો. સોનું મે રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૬૯ અને નીચામાં રૂ.૪૫૦.૫૦ ના મથાળે અથડાઈ, રૂ.૪૫ ઘટી રૂ.૫૮૦ થયો હતો, જ્યારે સોનું-મિની મે રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦૨.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૭૩૨ અને નીચામાં રૂ.૪૪૨ રહી, અંતે રૂ.૩૧ ઘટી રૂ.૫૭૨.૫૦ થયો હતો.

ચાંદી જૂન રૂ.૮૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૬૯૮.૫૦ના ભાવે ખૂલી, રૂ.૧૭૯ વધી રૂ.૧,૯૦૦.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૮૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૫૯૦ના ભાવે ખૂલી, રૂ.૨૧૩ વધી રૂ.૧,૮૭૪ થયો હતો. ક્રૂડ તેલ-મિની જૂન રૂ.૬,૮૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલ દીઠ રૂ.૨૬.૯૦ ઘટી રૂ.૩૮૩.૧૫ થયો હતો.

# દેશની ૪૭ બેઠકો પક્ષોનું ગણિત બદલવા સક્ષમ છે : મિજાજ બદલાવા લાગ્યો છે : આદિવાસી મતદારો કોંગ્રેસનો હાથ પકડશે કે કમળ ખીલવશે

એજન્સી દ્વારા

નવી દિલ્હી,તા.૦૨



લોકસભાની ૨૦૨૪ની ચૂંટણીઓ ચાલી રહી છે ત્યારે વિવિધ સમુદાયો, જાતીઓ અને સંપ્રદાયો મતદારો તરીકે પરિણામને કેટલી અસર પહોંચાડી શકે અને સમીકરણોમાં શું પરિવર્તન લાવી શકે તેની પણ ચર્ચા ચાલી રહી છે. ખાસ કરીને આદિવાસી બહુમત ધરાવતા વિસ્તારોનું રાજકારણ હાલમાં ગરમાયેલું છે. આદિવાસી મતદારો માટે ભાજપ દ્વારા સક્રિય પ્રયાસ થઈ રહ્યા છે તો બીજી તરફ કોંગ્રેસ દ્વારા પણ આદિવાસી મતદારોને રિઝવવા માટે પ્લાનિંગ કરવામાં આવ્યું છે. કોંગ્રેસને આ લોકસભાની ચૂંટણીમાં પરિવર્તન પવન ફુંકાવાની આશા છે અને તેના માટે તે સખત મહેનત કરી રહી છે. બીજી તરફ ભાજપને પૂનરાવર્તનની આશા છે. આ બન્ને મોટા પક્ષો દ્વારા તેના માટે આદિવાસી મતદારોને રિઝવવા માટે કામગીરી કરવામાં આવી રહી છે.

આદિવાસી મતદારો આઝાદી બાદ કોંગ્રેસની સૌથી મોટી વોટબેંક હતાં. સમયાંતરે કોંગ્રેસની કામગીરીમાંથી આદિવાસીઓ માટેના એજન્ડા ઓછા થતા ગયા અને આદિવાસી મતદારોમાં પરિવર્તનનું મોજું ફુંકાયું. છેલ્લાં છ દાયકાથી કોંગ્રેસના સમર્થનમાં આવતા આદિવાસી મતદારો છેલ્લાં એક દાયકાથી ભાજપને સમર્પિત થઈ ગયા હોવાનું જણાઈ રહ્યું છે. કોંગ્રેસ દ્વારા હવે તેમને પોતાની તરફ ખેંચવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આદિવાસીઓની ગુમાવેલી જમીનો પરત અપાવવાની વાતો કોંગ્રેસ દ્વારા કરવામાં આવી રહી છે. કોંગ્રેસે આ વખતે જે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો તેમાં પણ આદિવાસી સમુદાય માટે કેટલીક જાહેરાતો કરી હતી. તે ઉપરાંત કોંગ્રેસ દ્વારા આદિવાસીઓના જંગલ, જમીન અને જળને બચાવવા માટે પ્રતિબદ્ધતા જાહેર કરવામાં આવી હતી.

દેશમાં લોકસભાની બેઠકોની વાત કરીએ તો ૪૭ બેઠકો એવી છે જે આદિવાસી સમુદાયને ફાળે જાય છે. દેશમાં આદિવાસીઓની વસ્તી દેશની કુલ વસ્તીના ૮.૬ ટકા જેટલી છે. તેની સરેરાશ તેમને ૪૭ બેઠક અનામત આપવામાં આવેલી છે. આ બેઠકોમાં સૌથી વધારે મધ્ય પ્રદેશમાં ૬ લોકસભા સીટો અપાઈ છે. ઝારખંડ અને ઓડિશામાં ૫-૫ બેઠકો છે. છત્તીસગઢ, ગુજરાત અને મહારાષ્ટ્રમાં ૪-૪ બેઠકો છે. રાજસ્તાનમાં ત્રણ બેઠક છે જ્યારે આસામ, મેઘાલય, પશ્ચિમ બંગાળ, કર્ણાટક અને તેલંગાણામાં ૪-૪ બેઠકો છે. આંધ્ર પ્રદેશ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, દાદરા-નગર હવેલી અને લક્ષદ્વિપમાં ૧-૧ બેઠકો આદિવાસીઓ માટે અનામત રાખવામાં આવી છે. મહત્ત્વની વાત એ છે કે, ગત બે લોકસભામાં ભાજપ દ્વારા આ બેઠકોમાંથી ઘણી વધારે બેઠકો અંકે કરવામાં આવી હતી. કોંગ્રેસનો આ વિસ્તારોમાં એક દાયકાથી ગજ વાગતો નથી. ૨૦૧૯ની લોકસભામાં ૪૭માંથી ૩૨ બેઠકો ભાજપને મળી હતી.કોંગ્રેસના ફાળે માત્ર ૩ બેઠકો આવી હતી જ્યારે અન્યના ફાળે ૧૨ બેઠકો આવી હતી, તેની પહેલાની ૨૦૧૪ની લોકસભામાં ભાજપને ૨૬ બેઠકો મળી હતી અને કોંગ્રેસને પાંચ જ બેઠકો જ્યારે અન્યને ૧૬ બેઠકો મળી હતી.દેશના આદિવાસી મતદારો જે આઝાદી બાદ કોંગ્રેસને સમર્થન આપતા હતા તેમનું વલણ ધીમે ધીમે બદલાવા લાગ્યું છે. તેઓ છેલ્લાં બે દાયકાથી ભાજપની તરફ વધારે ખેંચાયા હોય તેવું દેખાઈ રહ્યું છે. ખાસ કરીને છેલ્લાં એક દાયકામાં ભાજપનો જે વિજય થયો છે તેમાં આદિવાસી મતદારોનું યોગદાન વધારે જોવા મળ્યું છે. માત્ર છેલ્લી ચાર લોકસભાની ચૂંટણી ઉપર ધ્યાન દેવામાં આવે તો પણ સમીકરણો બદલાયા હોય તે જણાઈ આવે છે. ૨૦૦૪ની લોકસભા ચૂંટણીમાં આદિવાસી મતદારો દ્વારા ૩૭ ટકા મત કોંગ્રેસને આપવામાં આવ્યા હતા. તેની સમાંતર ૨૮ ટકા મત ભાજપને પણ આપવામાં આવ્યા હતા. ૨૦૦૯માં પણ કોંગ્રેસને ૩૮ ટકા મત મળ્યા તો સામે ભાજપને ૨૪ ટકા મત મળ્યા હતા. ૨૦૧૪ની પરિસ્થિતિ વધારે પલટાવા લાગી હતી. ૨૦૧૪માં પાસું પલટાઈ ગયું અને ભાજપને ૩૮ ટકા મત મળ્યા અને કોંગ્રેસના ફાળે ૨૮ ટકા મત આવ્યા હતા. ૨૦૧૯માં આદિવાસીઓ દ્વારા ભાજપને ૪૪ ટકા મત આપવામાં આવ્યા હતા જ્યારે કોંગ્રેસને ૩૧ ટકા મત આપવામાં આવ્યા હતા.

ભાજપ અને કોંગ્રેસમાં વહેંચાતા મતો અને આદિવાસી સમુદાયની વિચારધારામાં આવેલા પરિવર્તન અંગે રાજકીય મત જુદો છે. રાજકીય જાણકારો માને છે કે, બન્ને પક્ષોમાં રાજકીય પ્રતિનિધિત્વ મોટું અને અસરકારક પરિબળ છે. કોંગ્રેસ પાર્ટી પાસે કોઈ મોટા કહી શકાય તેવા આદિવાસી રાજકીય નેતા નથી, તેના કારણે આદિવાસી સમાજને સતત એમ લાગી રહ્યું છે કે, કોંગ્રેસ દ્વારા તેમની ઉપેક્ષા કરવામાં આીવ રહી છે. માત્ર SC બેઠકો ઉપક ચૂંટણી લડવાની જાહેરાત કરીને કોંગ્રેસઆદિવાસીઓને પોતાની તરફ ખેંચી શકે તેમ લાગતું નથી. બીજી તરફ શિક્ષિત આદિવાસી યુવાનો માને છે કે, કોંગ્રેસ દ્વારા ચૂંટણી ઢંઢેરામાં જે મોટી મોટી વાતો કરવામાં આવી છે તે સાંભળવામાં અને વિચારવામાં સારી લાગે છે. સવાલ એ છે કે, કોંગ્રેસ સત્તામાં આવી ગઈ તો સામાન્ય નાગરિક સુધી અને છેવાડાના આદિવાસી નાગરિક સુધી આ સુવિધાઓ ખરેખર પહોંચી શકશે. બીજી તરફ ભાજપ દ્વારા આદિવાસી નેતાઓને યાદ કરવા, તેમની પ્રતિમાઓ બનાવવી, તેમના માનમાં ઉજવણીઓ કરવી જેવી ઘણી કામગીરી કરવામાં આવી છે. સૌથી મોટું પરિબળ તો એ પણ બની ગયું છે કે, ભાજપ દ્વારા આદિવાસી મહિલા નેતા દ્રૌપદી મુર્મૂને દેશના સર્વોચ્ચ બંધારણીય પદ ઉપર રાષ્ટ્રપતિ તરીકે મુકવામાં આવ્યા છે. આ પરિબળ ભાજપ તરફી વલણ વધારે તેને નકારી શકાય નહીં.

# એરબીએનબીએ 'આઈકન્સ' લોન્ચ કર્યા : જાહ્નવી કપૂરે મહેમાનો માટે ચેન્નાઈમાં તેના વૈભવી ઘરના દરવાજા ખોલ્યા

એજન્સી દ્વારા

એરબીએનબી (Airbnb)એ લોકો માટે એક નવા પ્રકારના અનુભવ 'આઈકન્સ'ની જાહેરાત કરી છે. જેના અંતર્ગત વિશ્વના પ્રસિદ્ધ સંગીતકારો, ફિલ્મ અને ટેલિવિઝન કલાકારો અને ખેલૈયાઓ વગેરે મહેમાનોનું આગવી રીતે સ્વાગત કરશે. 'આઈકન્સ' તમને એવી દુનિયામાં લઈ જશે જેના વિશે તમે અત્યાર સુધી વિચાર્યું પણ ન હોય. તમે ફેરારી મ્યુઝિયમમાં સૂઈ શકો છો અથવા પ્રિન્સ પર્પલ રેઈન હાઉસમાં રહી શકો છો અથવા બોલિવૂડ આઈકન જાહ્નવી કપૂરના બીચસાઈડ ઘરમાં એક દિવસ વિતાવી શકો છો. આજે અમે Airbnb ના પ્રથમ



૧૧ આઈકન્સ રજૂ કરીએ છીએ, જેમાં આખા વર્ષ માટે વિશ્વભરના અદ્ભુત અનુભવો સામેલ છે.એરબીએનબીના ભારત, દક્ષિણપૂર્વ એશિયા, હોંગકોંગ અને તાઈવાનના જનરલ મેનેજર અમનપ્રીત બજાજે જણાવ્યું હતું કે, ''આઈકન્સ એવા જીવનના અનુભવો લાવે છે જે જાદુઈ અને ખરેખર કલ્પના બહારના હોય. 'આઈકન્સ' લોન્ચના ભાગરૂપે, અમે આ ખાસ ઝુંબેશ માટે જાહ્નવી કપૂર સાથે ભાગીદારી કરવા માટે રોમાંચિત છીએ જે જાહ્નવીના બીચસાઈડ ઘરની અભૂતપૂર્વ ઝલક આપશે''.

'આઈકન્સ'ના લોન્ચિંગ સાથે, બોલિવૂડ સુપરસ્ટાર જાહ્નવી કપૂર ખાસ મહેમાનો માટે તેના ચેન્નાઈના ઘરના દરવાજા ખોલી રહી છે. જાહ્નવી, જે સ્ક્રીન પર તેના શાનદાર અભિનય માટે જાણીતી છે એ આ ખાસ પ્રમોશનલ ઝુંબેશ માટે બીચ નજીક તેના ઘરે મહેમાનોના બે જૂથોનું સ્વાગત કરશે.

Printed, Published and Owned by NARENDRA G. JOSHI and Printed at Bhoomi Offset Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, AHMEDABAD - 380002 and published from H-115/991, Nirmal Appartments, Opp. Jaymangal BRTS Bus Stop, 132' Ring Road, Naranpura, AHMEDABAD-380 063. Editor- NARENDRA G. JOSHI.

# સ્પંદનાએ FY24 માટે અત્યાર સુધીનો સૌથી વધુ ૫૦૧ કરોડનો PAT નોંધાવ્યો

એજન્સી દ્વારા

સ્પંદના સ્ફૂર્તિ ફાઈનાન્શિયલ લિમિટેડ (NSE: SPANDANA, BSE: 542759) (''સ્પંદના'') એ આજે ૩૧ માર્ચ, ૨૦૨૪ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને વર્ષ માટે તેના ઓડિટેડ નાણાકીય પરિણામો જાહેર કર્યા.

સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર, શ્રી શલભ સકસેનાએ, પરિણામની ઘોષણા કરતી વખતે જણાવ્યું, "FY24 એ ૨૦૨૨ માં સ્પંદનાની મેનેજમેન્ટ ટીમ દ્વારા નિર્ધારિત ત્રણ-વર્ષીય વિઝન ૨૦૨૫માં બીજું હતું. અમારી ગ્રાહક સંપાદનની આગેવાની હેઠળની વૃદ્ધિ વ્યૂહરચનાથી કંપનીએ FY24 માં ૫૦૧ કરોડનો અત્યાર સુધીનો સર્વોચ્ચ PTA વિતરિત કરીને, GNPA અનu NNPA અનુક્રમે ૧.૫૦% અને ૦.૩૦% સુધરી છે અને 41% AUM વૃદ્ધિમાં પરિણમી છે. નાણાકીય વર્ષ ૨૪ માં ૧૩.૯ લાખના ગ્રાહક સંપાદન દ્વારા કંપનીનો સક્રિય ગ્રાહક આધાર વધીને ૩૩ લાખથી વધુ થઈ ગયો હતો. ટીમે શાખા વિસ્તરણ, પોર્ટફોલિયોની ગુણવત્તામાં સુધારો, પ્રક્રિયાઓ અને શાસનને મજબૂત કરવા અને નવી બિઝનેસ લાઈનની શરૂઆત જેવી સંસ્થાની બહુવિધ પ્રાથમિકતાઓને સંચાલિત કરવામાં મજબૂત ક્ષમતાઓ દર્શાવી છે. જ્યારે અમે હ્લરૂ૨૫માં પણ ગતિ જાળવી રાખવાનું ચાલુ રાખીશું, અમે ખાસ કરીને વિતરણની કાર્યક્ષમતા અને ઉત્પાદકતા સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. અત્યાર સુધીની પ્રગતિ અને તમામ હિતધારકોના સમર્થનથી અમને આત્મવિશ્વાસ છે કે અમે અમારા માટે નિર્ધારિત માઈલસ્ટોન્સ સુધી પહોંચીશું.''

# એસસી, એસટી અને ઓબીસીને ની અનામતને જો કોઈ એક રાજકીય પક્ષે લૂંટી હોય તો તે કોંગ્રેસ છે : અમિત શાહ

એજન્સી દ્વારા

લોકસભા ચૂંટણીના ૭ તબક્કામાંથી ૨ તબક્કા પૂર્ણ થયા છે અને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ ત્રીજા તબક્કાના પ્રચાર માટે સંપૂર્ણ તાકાત સાથે મેદાનમાં ઉતર્યા છે. અમિત શાહ દેશભરના રાજ્યોમાં જાહેર સભાઓ અને રોડ શો દ્વારા લોકોના સંપર્કમાં છે. આ સંદર્ભમાં, અમિત શાહે આસામના ગુવાહાટીમાં ભારતીય જનતા પાર્ટીના રાજ્ય કાર્યાલયમાં આયોજિત એક મહત્વપૂર્ણ પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરી હતી અને કોંગ્રેસ સહિત ભારતીય ગઠબંધન દ્વારા બંધારણ બદલવા અને ભાજપ સામે અનામત સમાપ્ત કરવા અંગેના ભ્રામક અને બનાવટી



સમાચારોને રદિયો આપ્યો હતો. ભારતીય રાજનીતિને નવી ઓળખ આપનાર અમિત શાહે સ્પષ્ટતા કરી કે, 'જો કોઈ એક રાજકીય પક્ષે એસસી, એસટી અને ઓબીસીને ની અનામત લૂંટી છે તો તે કોંગ્રેસ છે.'તાજેતરમાં કોંગ્રેસે એક નકલી વિડિયો દ્વારા જનતાને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો અને આરોપ લગાવ્યો હતો કે જો ભારતીય જનતા પાર્ટીને ૪૦૦થી વધુ બેઠકો મળશે તો મોદી સરકાર બંધારણમાં ફેરફાર કરીને અનામતને નાબૂદ કરશે. પરંતુ મોદી સરકારના ૧૦ વર્ષના ટ્રેક રેકોર્ડ પરથી આ આરોપ પાયાવિહોણો અને તથ્યહીન લાગે છે. દેશની જનતાએ વર્ષ ૨૦૧૪ અને વર્ષ ૨૦૧૯માં પણ ભારતીય જનતા પાર્ટીને પૂર્ણ બહુમતી આપી હતી. ભાજપ ૧૦ વર્ષથી પૂર્ણ બહુમતી સાથે સરકાર ચલાવી રહી છે, પરંતુ કોંગ્રેસની જેમ તેનો દુરુપયોગ કટોકટી લાદવામાં અને લોકસભાનો કાર્યકાળ વધારવામાં નથી કર્યો. મોદીજીના નેતૃત્વમાં અને અમિત શાહના સક્ષમ માર્ગદર્શન હેઠળ ભારતીય જનતા પાર્ટીની સરકારે કલમ ૩૭૦ હટાવવા, ટ્રિપલ તલાક નાબૂદ કરવા, અંગ્રેજો દ્વારા બનાવેલા કાયદાઓમાં ફેરફાર કરવા, કોરોના રોગચાળામાં લોકડાઉન લાગુ કરવા, CAA લાવવા માટે સંપૂર્ણ બહુમતીનો ઉપયોગ કર્યો છે. અને ભગવાન શ્રી રામના મંદિરના નિર્માણનો માર્ગ મોકળો કરવા માટે કરવામાં આવ્યો છે. દેશની જનતા જાણી ગઈ છે કે કોંગ્રેસ પાર્ટી જુઠ્ઠાણા ફેલાવીને જનતામાં ભ્રમ પેદા કરવા માંગે છે.

આંધ્રપ્રદેશ અને કર્ણાટકમાં કોંગ્રેસ સરકારે એસસી, એસટી અને ઓબીસીને ના અધિકારોને નષ્ટ કરીને ધાર્મિક આધાર પર ગેરબંધારણીય રીતે મુસ્લિમોને અનામત આપવાનું કામ કર્યું. અંત્યોદયની રાજનીતિ કરનારા અમિત શાહનું માનવું છે કે ધર્મ આધારિત અનામત ગેરબંધારણીય છે.

# કાર્ટૂન કોર્નર




# સીમા તપારિયા, કિઆનની માતા માટે એક સંપૂર્ણ યોગ્ય જીવનસાથી શોધવામાં તેની મદદ કરશે!

એજન્સી દ્વારા

ઝી ટીવીના આગામી શો- મૈં હું સાથ તેરે તૈયાર છે, દર્શકોને એક સિંગલ મધર જાનવી (ઉલ્કા ગુપ્તા)ની વાર્તા દર્શાવવા માટે, જે હાલમાં માતા-પિતા તરીકેની બેગણી જવાબદારી નિભાવી રહી છે. ગ્વાલિયરની પાશ્ચાદભૂ પર આધારીત જાનવીનું જીવન તેના દિકરા કિયાન (નિહાન જૈન)ની આસપાસ ફરે છે, તેના માટે તે પૂરી દુનિયા છે. કિઆનને તેના માટે એક પિતાની જરૂરિયાત નથી, પણ તેની માતાને એકલા હાથે બધું જ સંભાળતી જોઈને તેને એવું લાગે છે કે, તેની માતાના જીવનમાં એક પુરુષની કમી છે. વાર્તામાં વણાંક ત્યારે આવે છે, જ્યારે ધનાઢ્ય બિઝનેસમેન આર્યમાન જાનવીને મળે છે અને તેઓ બંને એક જ છત હેઠળ કામ કરે છે. આર્યમનને જાનવીમાં રસ છે, તેમની પ્રેમકથા નાનકડા કિઆનના હાથમાં છે.શું તે આ જોડીને માન્યતા આપશે...?

આ પરિસ્થિતિમાં તેનું માર્ગદર્શન



કરવા તથા તેને યોગ્ય રસ્તો બતાવવા માટે જાણિતા મેચમેકર સિમા તપારિયા તેની સાથે જોડાયા છે. આ એક અલગ જ પ્રકારનું સહયોગ છે, સીમા તેના અરેન્જ મેરેજની જોડીના માપદંડો તથા તેના પ્રસિદ્ધ વન-લાઈનર્સની મદદથી, નાનકડા કિઆનની મદદ કરશે કે, આર્યમન જાનવી માટે યોગ્ય છે કે નહીં. તે જાનવી અને આર્યમનના પ્રોફાઈલને જૂએ છે અને તેમની વચ્ચેની સંપૂર્ણ કમ્પેટિબિલિટી જોઈને આશ્ચર્યમાં પડી જાય છે. તેની નિપુણતા અને અંતર્જ્ઞાન સાથે, તે આર્યમનને એક લીલી ઝંડી બતાવે છે અને કહે છે કે, જાનવી અને આર્યમની જોડી સ્વર્ગમાં બનેલી જોડી છે!

આ સહયોગ વિશે સિમા તપારિયા કહે છે, ''જ્યારે ઝી ટીવીએ તેના આગામી શોના આ અલગ જ કોન્સેપ્ટ માટે મને કોન્ટેક્ટ કર્યો, જ્યાં એક નાનકડો બાળક તેની સિંગલ માતા માટે યોગ્ય સાથી શોધી રહ્યો છે તો, હું તુરંત જ આ પ્લોટ કરવા તૈયાર થઈ ગઈ. નાનકડા કિઆનનું પાત્ર જાનવીમાટે યોગ્ય જીવનસાથીની શોધમાં નિકળ્યો છે, તો મારા મેચમેકિંગનો વર્ષોનો અનુભવ તેને એ નક્કી કરવામાં મદદ કરશે કે, આર્યમન એ તેની માતા માટે યોગ્ય પસંદગી છે કે નહીં. તો ચાલો આપણે આશા કરીએ છીએ કે, આ પ્રમોશનલ સહયોગ એ આ પ્રેમાળ કથાને સમગ્ર ભારતના મોટી સંખ્યામાં પ્રેક્ષકો સુધી પહોંચવામાં મદદ કરશે.''

કિઆન એ તપાસ કરી રહ્યો છે કે, આર્યમન એ તેની માતા માટે યોગ્ય વ્યક્તિ છે કે નહીં, ત્યારે આર્યમન શક્ય એટલી મહેનતથી તેને મનાવવાનો પ્રયત્ન કરે છે.

# મોર્ગન સ્ટેન્લી ગિફ્ટ આઈએફએસસીમાં કામગીરી સુયોજિત કરે છે

એજન્સી દ્વારા

મોર્ગન સ્ટેનલી (NYSE: MS) એ આજે ગિફ્ટ આઈએફએસસીમાં તેના ફંડ મેનેજમેન્ટ ઓપરેશન્સ (મોર્ગન સ્ટેનલી IFSC ફંડ) ના ઉદ્ઘાટનની જાહેરાત કરી છે, જે ભારતના આંતરરાષ્ટ્રીય નાણાકીય પ્રવેશદ્વાર છે.

ગિફ્ટ સિટીમાં મોર્ગન સ્ટેન્લીની હાજરી, ભારતમાં ફર્મની પદચિહ્નને વધુ ઊંડી બનાવે છે અને ગિફ્ટ આઈએફએસસીના ભવિષ્યમાં અમારો વિશ્વાસ દર્શાવે છે. નવી સ્થપાયેલી કામગીરી ફર્મને ભારતે ઓફર કરેલી બહુ-દશકા રોકાણની તકોમાં ભાગ લેવાની મંજૂરી આપવા માટે ગોઠવવામાં આવી છે.

ગિફ્ટ સિટીમાં મોર્ગન સ્ટેન્લીની હાજરી, ભારતમાં ફર્મની પદચિહ્નને વધુ ઊંડી બનાવે છે અને ગિફ્ટ આઈએફએસસીના ભવિષ્યમાં અમારો વિશ્વાસ દર્શાવે છે.

નવી સ્થપાયેલી કામગીરી ફર્મને ભારતે ઓફર કરેલી મલ્ટી ડિકેડ



ઈન્વેસ્ટમેન્ટની તકોમાં ભાગ લેવાની મંજૂરી આપવા માટે ગોઠવવામાં આવી છે.

"આ અમારી ફ્રેન્ચાઈઝી માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે," અરુણ કોહલી, મેનેજિંગ ડિરેક્ટર, અને ભારતના કન્ટ્રી હેડ, મોર્ગન સ્ટેનલીએ જણાવ્યું હતું. કોહલી ઉમેરે છે કે, ''ગિફ્ટ આઈએસએસસીમાં કામગીરીનું સેટઅપ એ ભારતમાં અમારી વૃદ્ધિ વ્યૂહરચના માટે સક્ષમ છે.માલવિકા શંકર, હેડ ઓફ ઈન્ડિયા ઈક્વિટીઝ, મોર્ગન સ્ટેનલીએ જણાવ્યું હતું કે, "વિદેશી રોકાણકારો માટે, ગિફ્ટ આઈએફએસસી દ્વારા ભંડોળના પ્રવાહની તક, જે વૈશ્વિક સ્તરે બેન્ચમાર્ક ફાઈનાન્શિયલ હબની સમકક્ષ સરળતા અને સરળ નિયમનકારી શાસન પ્રદાન કરે છે, તે મોર્ગન સ્ટેન્લી માટે એક આકર્ષક તક છે."

'સાલાર ૨'માં કિયારા અડવાણીના લીડ રોલ અંગે અનિશ્ચિતતા

# 'સ્પિરિટ'માં પ્રભાસ-કિયારાને સપોર્ટ કરશે નયનતારા

એજન્સી દ્વારા

મુંબઈ, તા. ૨

પ્રભાસની કરિયરને 'સાલાર'ની સફળતાએ ટકાવી દીધી છે. પ્રભાસની બિગ બજેટ ફિલ્મોમાં સૌથી પહેલા રૂ.૬૦૦ કરોડની 'કલ્કિ ૨૮૯૮ એડી' રિલીઝ થવાની છે. ત્યારબાદ સંદીપ રેડ્ડી વાંગાની 'ધ રાજા સાબ'નું શૂટિંગ ચાલી રહ્યું છે. પ્રભાસની અન્ય ફિલ્મ 'સ્પિરિટ' રૂ.૩૦૦ કરોડમાં બનવાની છે. આ ફિલ્મમાં કિયારા અડવાણીની સાથે પ્રભાસની ઓન-સ્ક્રિન જોડી જોવા મળશે.

આ જોડીને સપોર્ટ કરવા માટે સાઉથની લેડી સુપરસ્ટાર નયનતારાનો સમાવેશ થાય તેવી શકયતા છે. 'આદિપુરુષ'ના ધબડકા પછી પ્રભાસે 'સાલાર'થી કમબેક કર્યું છે. 'સાલાર'ના પગલે પ્રભાસની ડીમાન્ડ વધી છે ત્યારે 'સાલાર ૨'ની તૈયારીઓ શરૂ થઈ ગઈ



છે. આ ફિલ્મમાં પ્રભાસની સાથે કિયારા અડવાણીને લીડ રોલ અપાય તેવી શક્યતા હતી. જો કે કિયારા અડવાણીને પ્રભાસ સાથેની આ ફિલ્મમાં લીડ રોલ અપાયો હોવાની અટકળો સામે અનિશ્ચિતતા ફેલાઈ છે. બીજી બાજુ પ્રભાસ સાથે 'સ્પિરિટ'માં કિયારા ફાઈનલ છે. 'કલ્કિ ૨૮૯૮ એડી'ની રિલીઝ માટે તૈયારીઓ ચાલી રહી છે ત્યારે પ્રભાસ હાલ 'ધ રાજા સાબ'ના શૂટિંગમાં બિઝી છે. આ ફિલ્મ પછી 'સ્પિરિટ'ને ફલોર પર લઈ જવામાં આવશે. 'સ્પિરિટ'માં લીડ એક્ટ્રેસ અંગે કોઈ જાહેરાત થઈ ન હતી. ફિલ્મના એનાઉન્સમેન્ટ પોસ્ટરમાં પણ એકલો પ્રભાસ જ હતો. હવે આ ફિલ્મમાં પ્રભાસની સાથે બે જાણીતી એક્ટ્રેસને રોલ અપાયા હોવાનું કહેવાય છે. સંદીપ રેડ્ડી વાંગાએ રણબીર કપૂરની ફિલ્મ 'એનિમલ' ડાયરેક્ટ કરી હતી. અગાઉ તેઓ સીક્વલ 'એનિમલ પાર્ક'નું શૂટિંગ શરૂ કરવાના હતા, પરંતુ રણબીર કપૂર હાલ 'રામાયણ'માં રોકાયેલો છે. આ સ્થિતિમાં સંદીપે પ્રભાસ સાથે 'સ્પિરિટ'ને આગળ વધારી છે. તેઓ 'સ્પિરિટ'ની કાસ્ટને ફાઈનલ કરી રહ્યા છે, પરંતુ સ્ક્રિપ્ટનું કામ બાકી છે. ફિલ્મની ૬૦ ટકા સ્ક્રિપ્ટ પૂરી થઈ છે અને 'એનિમલ' પછી સંદીપ રેડ્ડી વાંગા પાસેથી ઓડિયન્સની અપેક્ષા વધી છે. તેથી તેઓ 'સ્પિરિટ'માં કોઈ ઉતાવળ કરવા માગતા નથી.

# એમ્ફોર્સ ઓટોટેક લિમિટેડનું બીએસઈ એસએમઈ ઉપર દમદાર લિસ્ટિંગ, આઈપીઓ પ્રાઈઝ ઉપર ૯૦ ટકા પ્રીમિયમ ઉપર શેર લિસ્ટ થયો




એજન્સી દ્વારા

ભારતમાં અગ્રણી ઓટોમોટિવ કોમ્પોનન્ટ ઉત્પાદક એમ્ફોર્સ ઓટોટેક લિમિટેડે બીએસઈ એસએમઈ પ્લેટફોર્મ ઉપર મજબૂત પ્રારંભ કર્યો હતો. કંપનીનો સ્ટોક રૂ. ૯૮ના ફિક્સ્ડ પ્રાઈઝ બેન્ડ ઉપર ૯૦ ટકા પ્રીમિયમ સાથે રૂ. ૧૮૬.૨૦ના ભાવે લિસ્ટ થયો હતો. ગત સપ્તાહે કંપનીના ઈશ્યૂને રોકાણકારો તરફથી જબરદસ્ત પ્રતિસાદ મળ્યો હતો તથા ક્યુઆઈબી પોર્શન ૧૬૧ ગણો, એનઆઈઆઈ પોર્શન ૮૬૨ ગણો તથા રિટેઈલ ઈન્ડિવિડ્યુઅલ ઈન્વેસ્ટર્સ (આરઆઈઆઈ) ક્વોટા ૨૬૮ ગણો છલકાયો છે, જે સાથે ઈશ્યૂના અંતિમ દિવસ સુધીમાં કુલ સબસ્ક્રિપ્શન ૩૬૫ ગણું મળ્યું હતું.આઈપીઓમાં બુક બિલ્ડિંગ રૂટ દ્વારા પ્રતિ શેર રૂ. ૧૦ની મૂળ કિંમત ધરાવતા ૫૪.૯૯ લાખ ઈક્વિટી શેર્સનો ફ્રેશ ઈશ્યૂ સામેલ હતો. ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર બીલાઈન કેપિટલ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ અને રજિસ્ટ્રાર લિંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ છે.બોફા સિક્યુરિટીઝ યુરોપ એસએ – ઓડીઆઈ, એસ્ટોર્ન કેપિટલ વીસીસી અર્વેન, એનએવી કેપિટલ વીસીસી – એનએવી કેપિટલ ઈમર્જિંગ સ્ટાર ફંડ, નેજેન અનડિસ્કવર્ડ વેલ્યુ ફંડ, પર્સિસ્ટન્ટ ગ્રોથ ફંડ – વર્સુ ઈન્ડિયા ગ્રોથ સ્ટોરી સ્કીમ – ૧, ક્રાફ્ટ ઈમર્જિંગ માર્કેટ ફંડ પીસીસી – સિટડલ કેપિટલ ફંડ, મનીવાઈઝ ફાઈનાન્સિયલ સર્વિસિસ પ્રાઈવેટ લિમિટેડ, એલસી રેડિયન્સ ફંડ વીસીસી અને ગેલેક્સી નોબલ ગ્લોબલ અપોર્ચ્યુનિટિઝ ફંડ પીસીસી – જીએનજીઓએફ ૧ એ એક્કર બુક સબસ્ક્રાઈબ કરી હતી. લોટ સાઈઝ ૧,૨૦૦ શેરનો હતો.કંપની ઓફરિંગમાંથી આશરે રૂ. ૫૩.૯ કરોડ ઊભા કરવાની યોજના ધરાવતી હતી તથા આઈપીઓમાંથી પ્રાપ્ત ભંડોળનો ઉપયોગ તેની પેટા કંપની એમફોર્સ મોબિલિટી સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ (ઈએમએસપીએલ) માટે હિમાચલ પ્રદેશમાં બદ્દીમાં ઝારમાજરી ખાતે નવા પ્લાન્ટની સ્થાપના કરવા, કંપનીની કાર્યકારી મૂડીની જરૂરિયાતોને પૂર્ણ કરવા તથા કોર્પોરેટના સામાન્ય હેતુઓ માટે કરવાનો આશય ધરાવે છે.

# અંગૂરી અને અનિતાનું તૂટ્યું રોમાન્સનું સપનું

એજન્સી દ્વારા

એન્ડટીવી પર ક્લાસિક કોમેડી શો ભાભીજી ઘર પર હૈએ તેની અણધારી અને પેટ પકડાવીને હસાવનારી વાર્તારેખા સથે દર્શકોનું આશ્ચર્યમાં મૂકવામાં કોઈ કસર બાકી રાખી નથી. શો દરેક સપ્તાહે હાસ્યસભર વાર્તાઓ રજૂ કરે છે, જે દર્શકોને બેઠક સાથે જકડી રાખીને આગામી એપિસોડ માટે ઉત્સુકતા વધારે છે. નવી વાર્તાના વળાંકમાં વહાલી ભાભીઓ અંગૂરી (શુભાંગી અત્રે) અને અનિતા (વિદિશા શ્રીવાસ્તવ) ગર્ભવતી બનવાનો પ્રયાસ કરે છે, જે ચાહકોને તેમના સ્ક્રીન સાથે જકડી રાખશે, કારણ કે તેઓ એવા અણધાર્યા અવરોધોનો સામનો કરે છે જે હાસ્યસભર પળ ઊપજાવે છે.

આગામી વાર્તા વિશે બોલતાં વિદિશા શ્રીવાસ્તવ ઉર્ફે અનિતા ભાભી કહે છે, ''અંગૂરી (શુભાંગી અત્રે) અને અનિતા (વિદિશા શ્રીવાસ્તવ) ગર્ભવતી બનવાની યોજના બનાવે છે ત્યારે અનેક વળાંકો



તેમનું કામ બગાડે છે અને તેમની યોજના પરથી પાણી ફેરવે છે. પીધેલી સ્થિતિમાં વિભૂતિ (આસીફ શેખ) મૈત્રીના સમ ખાઈને પ્રેમ (વિશ્વનાથ સોની)ને મદદરૂપ થવા માટે હંમેશાં હાજર રહેશે એવું કહે છે. દરમિયાન અમ્માજી (સોમા રાઠોડ) અંગૂરી અને અનિતાને કહે છે કે ગર્ભધારણા માટે આ ઉત્તમ સમય છે અને અંગૂરી ગર્ભવતી નહીં થાય ત્યાં સુધી જોડે રહેવાનું વચન આપે છે. અનિતા અને અંગૂરી પોતાના પતિઓને આકર્ષિત કરવા માટે પ્રયાસ કરે છે. જોકે પ્રેમની તેની પત્ની ઘરમાંથી હાંકી કાઢતાં તે વિભૂતિના ઘરે રહેવા આવતાં અનિતાની વિભૂતિની નજીક આવીને ગર્ભવતી બનવાની યોજના પરથી પાણી ફરી વળે છે.

# હપ્પુ કી ઉલટન પલટનની મલાયકા પ્રેમમાં પડી!

એજન્સી દ્વારા

એન્ડટીવી પર ઘરેલુ કોમેડી હપ્પુ કી ઉલટન પલટન હાસ્ય અને મનોરંજનના સાપ્તાહિક ડોઝ આપીને દર્શકોમાં સતત ફેવરીટ બની રહી છે. તેલથી ચીકણા કરેલા વાળથી લઈને માથા પર આવતી વાળની લટ અને મોઢા પર પાનના ડાઘથી અલાક્ષણિક મૂછો સુધી મોટી ફાંદવાળા દરોગા હપ્પુ સિંહે (યોગેશ ત્રિપાઠી) વર્ષોનાં વહાણાં વીતવા સાથે દર્શકોને પેટ પકડાવીને હસાવ્યા છે.

દરેક સપ્તાહે શો મંત્રમુગ્ધ કરનારી વાર્તા લાવી રહ્યો છે, જેથી દર્શકો જકડાઈ રહ્યા છે. હવે નવી વાર્તામાં વળાંક પણ તેમાં અપવાદ નથી, કારણ કે શોનું એક વહાલું પાત્ર મલાયકા અણધાર્યા રોમેન્ટિક પ્રવાસે નીકળવા માટે સુસજ્જ છે. સોનલ પાનવરની ભૂમિકા ભજવતી મલાયકા એસીપી તરીકે મજબૂત અભિનય માટે જાણીતી છે. જોકે એક આશ્ચર્યકારક વળાંકમાં તે ગુનેગાર



સાથે પ્રેમમાં પડતાં હૃદય પરિવર્તન હેઠળ પસાર થતી જોવા મળશે.

આગામી વાર્તા વિશે બોલતાં સોનલ પાનવર ઉર્ફે મલાયકા સિંહ કહે છે, "હપ્પુ કી ઉલટન પલટનનો દરેક એપિસોડ અમારા દર્શકોને આશ્ચર્ય આપવા સાથે મનોરંજન કરવાનું લક્ષ્ય ધરાવે છે.

આગામી વાર્તામાં દર્શકોને જેકે નામે પાત્ર સાથે મલાયકા અણધારી રીતે પ્રેમમાં પડેલી જોવા મળશે. જેકે ગુનેગાર હોવાથી મલાયકા સાથે સંબંધ બંધાતાં બધા સ્તબ્ધ રહી જાય. વાર્તા વધુ એક વળાંક લેશે, કારણ કે કટોરી અમ્મા (હિમાની શિવપુરી) વહાલા ફ્રેન્ડને ગુમાવ્યા પછી સંગાથ ચાહે છે. તે બહુ મોડું થઈ જાય તે પૂર્વે ઈચ્છા પૂરી થાય એવું ઈચ્છે છે. તે હપ્પુ (યોગેશ ત્રિપાઠી)ને આ વાતની જાણ કરે છે, જે તેને પોતાની ઈચ્છાઓ પૂરી કરવા પ્રોત્સાહન આપે છે. આથી કટોરી અમ્મા સૌના આશ્ચર્ય વચ્ચે પ્રેમમાં પડવાનો નિર્ણય લે છે.

# આઈઆઈટી મદ્રાસ બીએસડેટા સાયન્સ ૨,૫૦૦ વિદ્યાર્થીઓને નોકરીઓ અને પ્રમોશન્સ અપાવવામાં મદદ કરી છે

આઈઆઈટી મદ્રાસની ડેટા સાયન્સ અને એપ્લિકેશન્સમાં બીએસડિગ્રી, ચાર વર્ષ પૂર્ણ કરવા જઈ રહેલી એ તેના ૨,૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓને નોકરીઓ અથવા પ્રમોશન્સ મેળવવા માટે સક્ષમ બનાવ્યા છે. આ પ્રોગ્રામની કોઈપણ સમયે અભ્યાસ કરવાની પરિવર્તનક્ષમતાને મળ્યું છે, જેમણે મિસ્સ રેની નોરોના (૧૮), ભારતની સૌથી નવીન મહિલા 'આયરનમેન' એથલીટ છે, જે ન્યૂઝીલેન્ડમાં ૧૬ કલાકમાં આયરમેન પૂર્ણ કર્યું છે, તે દરરોજ આ માટે પ્રશિક્ષણ મેળવી રહી છે અને હજી પણ ડેટા સાયન્સ પ્રોગ્રામને અનુસરી રહી છે.આ અંગે વિગત આપતાં, બીએસ(ડેટા સાયન્સ એન્ડ એપ્લિકેશન), આઈઆઈટી મદ્રાસના પ્રોફેસર-ઈન-ચાર્જ, પ્રો. એન્ડ્રુ થંગરાજે જણાવ્યું હતું કે, ''ઉલ્લેખનીય છે કે ૪-વર્ષના બીએસડિગ્રી



પ્રોગ્રામની શરૂઆતની બેચને પ્રોગ્રામમાં હજુ પોતાના ૪ વર્ષ પૂરા કરવા તથા સ્નાતક થવાનું બાકી છે. જો કે, આ વિદ્યાર્થીઓને અગાઉથી જ મળેલા નોંધપાત્ર વખાણ ખૂબ પ્રભાવશાળી છે. પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાં પ્રવેશ મેળવવાથી લઈને પ્રતિષ્ઠિત કંપનીઓ સાથે મૂલ્યવાન સંશોધન અને ઈન્ટર્નશીપની તકો મેળવવા સુધી, તેમની સિદ્ધિઓ તેમની સંભવિતતા અને પ્રોગ્રામની ગુણવત્તા અંગે ઘણી મોટી સંભાવનાઓની વાત કરી રહેલ છે.''

બીએસપ્રોગ્રામ્સની વિશિષ્ટ વિશેષતાઓ પર વધુ પ્રકાશ પાડતા, બીએસ(ડેટા સાયન્સ એન્ડ એપ્લિકેશન્સ), આઈઆઈટી મદ્રાસના પ્રોફેસર-ઈન-ચાર્જ, પ્રો. વિગ્નેશ મુથુવિજયને, જણાવ્યું હતું કે, ''કાર્યક્રમનું બહુવિધ એક્ઝિટ વિકલ્પોનું એકીકરણ વિદ્યાર્થીઓને જરૂરી કૌશલ્યો પ્રાપ્ત કરવા બાબતે સક્ષમ બનાવે છે. દરેક સ્તર તથા તેમના ઈચ્છિત લક્ષ્યોને અસરકારક રીતે આગળ ધપાવે છે. વધુમાં, તેનો સર્વગ્રાહી અભિગમ, જેમાં પ્રોજેક્ટ-આધારિત ફાળવણીઓ, સંશોધન પ્રોજેક્ટ્સ, શૈક્ષણિક સ્પર્ધાઓ અને વિદ્યાર્થી સમુદાયોમાં નેતૃત્વની ભૂમિકાઓનો સમાવેશ થાય છે, જે શૈક્ષણિક અનુભવને વધારે તથા સહભાગીઓમાં મૂલ્યવાન કૌશલ્યો કેળવે છે."૮૫૦+ વિદ્યાર્થીઓએ કોર્નેલ યુનિવર્સિટી અને જ્યોર્જિયા ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી, યુએસ તથા આલ્ટો યુનિવર્સિટી, ફિનલેન્ડ જેવી પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાં માસ્ટર્સ અને પીએચડી પ્રોગ્રામ્સ માટે પ્રવેશ મેળવ્યો છે.

# સ્લોન ઈન્ફોસિસ્ટમ્સ લિમિટેડનો આઈપીઓ ૦૩ મે, ૨૦૨૪ના રોજ ખુલશે

એજન્સી દ્વારા

સ્લોન ઈન્ફોસિસ્ટમ્સ લિમિટેડ, આઈટી હાર્ડવેર ઈક્વિપમેન્ટ્સ અને સોલ્યુશન્સના પ્રીમિયર પ્રદાતાએ ૦૩ મે, ૨૦૨૪ના રોજ ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (આઈપીઓ) સાથે જાહેરમાં જવાની તેની યોજનાની જાહેરાત કરી છે. કંપની આ આઈપીઓના માધ્યમથી શેર દીઠ રૂ.૭૯ના ભાવે રૂ.૧૧.૦૬ કરોડ એકત્ર કરવાનો લક્ષ્યાંક ધરાવે છે, જેમાં શેર એનએસઈ ઈમર્જ પ્લેટફોર્મ પર સૂચિબદ્ધ થવાના છે.

ઈશ્યુની સાઈઝ પ્રત્યેક રૂ.૧૦ના અંકિત મૂલ્ય પર ૧૪,૦૦,૦૦૦ ઈક્વિટી શેર સુધીની છે.

ઈક્વિટી શેરની ફાળવણી

- નૉન-ઈન્સ્ટિટ્યૂશનલ ઈન્વેસ્ટર્સ (એનઆઈઆઈ) - ૬,૬૪,૦૦૦ ઈક્વિટી શેર સુધી
- રિટેલ ઈન્ડિવિડ્યૂઅલ ઈન્વેસ્ટર્સ (આરઆઈઆઈ) - ૬,૬૫,૬૦૦ ઈક્વિટી શેર્સ સુધી
- માર્કેટ મેકર - ૭૦,૪૦૦ ઈક્વિટી શેર સુધી

આ આઈપીઓમાંથી મળેલી ચોખ્ખી આવકનો ઉપયોગ તેના રેન્ટલ બિઝનેસ માટે આઈટી સાધનો જેવા કે લેપટોપ્સ, ડેસ્કટોપ્સ, એસએસડી અને અન્ય બીજા સાધનોની ખરીદી, કંપની દ્વારા લેવામાં આવેલા ચોક્કસ ઋણની ચુકવણી અને સામાન્ય કોર્પોરેટ ખર્ચને આવરી લેવા માટેના મૂડી ખર્ચને ધિરાણ કરવા માટે ઉપયોગ કરવામાં આવશે. ઈશ્યુ ૦૩ મે, ૨૦૨૪ના રોજ ખુલશે અને ૦૭ મે, ૨૦૨૪ના રોજ બંધ થશે.

ઈશ્યુના લીડ મેનેજર જાવા કેપિટલ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ ઉદ્યોગ કુશળતાની વિવિધ શ્રેણીની સાથેસાથ અનેક વર્ષોના અનુભવનો ભંડાર લઈને આવે છે. તેમના અનુભવી જ્ઞાન અને વ્યાપક પૃષ્ઠભૂમિ તેમને સમસ્યાની જટિલતાઓને સમજવામાં નિપુણ માર્ગદર્શક તરીકે સ્થાન આપે છે. ઈશ્યુના રજિસ્ટ્રાર કેફિન ટેક્નોલોજીસ લિમિટેડ છે.

# અવાડા એનર્જી એ નવા સોલાર પ્રોજેક્ટ માટે ફાઈનાન્સ પ્રાપ્ત કર્યું છે

એજન્સી દ્વારા

અવાડા ગ્રૂપની રિન્યુએબલ અવાડા અવાડા અર્વાજી, જાહેર કરતા ભારત અનુભવે છે કે, તેને જાહેર ક્ષેત્રની સ્વરૂપ બેંક સ્ટેટ (એસબીઆઈ) ઓફ રૂ.૧,૧૯૦રો (૧૪૩ મિલિયન) પ્રાચીન ફાઈનાન્સ પ્રાપ્ત કર્યું છે.

આના ગુજરાતના સુરેન્દ્રનગરનો ઉપયોગ ૪૦ સ્ઉ યુટિલિટી-સ્કેલ સોલાર પીવી પાવર પ્રોજેક્ટના વિકાસને વિકાસ. આ પ્રોજેક્ટ એનએબલ એનર્જ તેના પદ ચિન્હને વિરવા, સક્રિય નવીન સક્રિયતા આપવા માટે વ્યૂહાત્મક અધિકારરણનો લાભ લેવા માટે અવાડાની પ્રતિવાદી પ્રતિનિધિ રેખાંકિત કરે છે. પ્રોજેક્ટ દ્વારા ઉદ્દબોધિત સમગ્ર પાવર ઉર્જા વિકાસ નિગમ ગુજરાત લિમિટેડ (જીયુવીએનએલ) દ્વારા પ્રાપ્ત કરવામાં આવશે, જે વિજળીની જથ્થાબંધ ખરીદી અને વેચાણ સાથે ગુજરાત સરકારની એક સર્વોચ્ચ સંસ્થા છે.

આ સીમાચિન્હરૂપ ટ્રાન્જેકશન અવાડાના હાલના સ્પેનશિયલ પર્પઝ વ્હીકલ (એસપીવી) હેઠળ પ્રાચીન ફિલ્ડ પ્રોજેક્ટને પ્રથમ પ્રયાસ ચિન્હિત કરે છે, જે પહેલા જ એક ઓપરેશન પ્રોજેક્ટ ધરાવે છે. આ નીતિગત સંસ્થાને તેની મૂડી સમજણને સારી રીતે સુંદરવા પ્રોજેક્ટ અને પેટા જૂથની સાદગીની સમસ્યા બનાવવા માટે સક્ષમ બનાવવા માટે, તેના રિન્યુએ એસેટ બેઝના સંચાલન અને વિસ્તરણ માટે અવાડાના વલણને આગળ વધારશે.

એસબીઆઈને મળવાપાત્ર અધિકારોણ ૨૦ સરકારી યોજનાની લોન સુવિધા એ મંજૂર અને વિતરિતની શરતી શરતો પર લોન મંજૂર આવી છે, જે અવાડાની યોજના ફાઈનન્સિંગ શક્તિ દર્શાવે છે.

### સુરેન્દ્રનગરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિપક્ષ પર કર્યા આકરા પ્રહારો

# કોંગ્રેસ બાંહેધરી આપે કે મુસ્લિમોને અનામત નહીં આપે

પ્રતિનિધિ દ્વારા

સુરેન્દ્રનગર, તા. ૨

ગુજરાતમાં લોકસભા ચૂંટણી પહેલા ભાજપ પુરજોશમાં પ્રચાર કરવા મેદાનમાં ઉતર્યું છે. અત્યારે પીએમ મોદી બે દિવસની ગુજરાતના પ્રવાસે છે. વડાપ્રધાન મોદી ગુરૂવારે આણંદ અને સુરેન્દ્રનગરમાં કોંગ્રેસ પર વરસ્યા હતા. સુરેન્દ્રનગરમાં સભા સંબોધતા પીએમ મોદીએ જણાવ્યું કે, આ વખતે રેકોર્ડ તોડી નાંખજો, દરેક બૂથ પર ૨૫-૨૫ થાળીઓ વગાડીને મતદાન કરજો. સુરેન્દ્રનગરમાં જન સભા સંબોધીને કોંગ્રેસને આડે હાથે લેતા તેમણે કહ્યુ કે, કોંગ્રેસ લખીને બાંહેધરી આપે કે બાબાસાહેબ આંબેડકરે જે અનામત આપેલું છે એને ધર્મના આધાર પર દલિતો, આદિવાસીઓ, બક્ષીપંચ પાસેથી લૂંટીને મુસલમાનોને અનામત નહીં આપે. સુરેન્દ્રનગરમાં પીએમ મોદીએ જનસભાને સંબોધતા કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. પીએમ મોદીએ જણાવ્યું કે, ઓવારણા લીધા તે માટે માતા-બહેનોનો આભાર માનું છે. ગુજરાત આખુ પ્રેમ વરસાવી રહ્યું છે. ગુજરાતનું ૠણ ક્યારેય ના ભુલી શકું. પીએમ મોદીએ સૌરાષ્ટ્રના



પ્રેમને યાદ કરતાં કહ્યું કે મને પ્રથમવાર ધારાસભ્ય સૌરાષ્ટ્રે જ બનાવ્યો, ગુજરાતને મારૂ પાકુ ઘડતર કર્યુછે. આપણે નાનુ વિચારતા નથી અને નાનુ કરતા પણ નથી. વિશ્વના સૌથી મોટું સ્ટેડિયમ અને સ્ટેચ્યૂ બનાવ્યું, ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં વિકસિત ગુજરાત બનાવવાનું છે.

પીએમ મોદીએ લોકોનો હોંસલો વધારતાં જણાવ્યું કે, આ વખતે તમારે બધાએ મતદાનના તમામ રેકોર્ડ તોડી નાંખવાના છે. ૧૦ વાગ્યા પહેલા દરેક બૂથ પર જઈને ૨૫-૨૫ થાળી વગાડવી અને મતદાન કરવું. બધા પોલિંગ બૂથ આપણે જીતવાના છે. અગાઉની સરકારોમાં માત્ર કૌભાંડ જ થયા છે. ૧૦ વર્ષ પહેલા છાપામાં માત્ર કૌભાંડના જ સમાચાર આવતા હતા. ગરીબોને કોંગ્રેસની સરકાર પરથી વિશ્વાસ ઉઠી ગયો હતો, અમારી સરકારે ગરીબો માટે અનેક કામો કર્યા છે. અમારી સરકારે હંમેશા ગરીબોની ચિંતા કરી છે. સભામાં વડાપ્રધાન મોદીએ કોંગ્રેસ પર પ્રહાર કરતાં જણાવ્યું કે, કોંગ્રેસે તેના શાસનમાં માત્ર કૌભાંડ જ કર્યા છે. આજે વિશ્વમાં ભારતનો ડંકો વાગે છે. દુનિયાના દરેક દેશમાં ભારતનો ડંકો વાગે છે. મોદીના કારણે નહીં તમારા મતના કારણે વિશ્વમાં દેશનો ડંકો વાગી રહ્યો છે. ભારતમાં આવવા વિશ્વની કંપનીઓ વચ્ચે સ્પાર્ધા જામી છે. આજે આતંકવાદને ભારત તેમના ઘરમાં ઘૂસીને મારે છે. વિશ્વમાં ભારત પાંચમાં નંબરની અર્થવ્યવસ્થા બની છે. સુરેન્દ્રનગરમાં પીએમ મોદીએ ચૂંટણી સભાને સંબોધતા જણાવ્યું કે, આજે દેશ પ્રગતિ કરી રહ્યો છે ભારતે કોરોનાનો મજબૂતીથી સામનો કર્યો છે. કોંગ્રેસે પર આકરા પ્રહાર કરતાં પીએમ મોદીએ કહ્યું કે, કોંગ્રેસે હંમેશા માટે વૉટ બેંકના કારણે રામ મંદિર બનવા ના દીધું. હવે ૫૦૦ વર્ષ બાદ અયોધ્યામાં રામ મંદિર બન્યું. અમારી સરકારે જે કીધું તે કરી બતાવ્યુ છે. કોંગ્રેસે પ્રાણ પ્રતિષ્ઠાનું આમંત્રણ સ્વીકાર્યું નહીં. પીએમ મોદીએ વધુમાં જણાવ્યું કે, કોંગ્રેસ રામભક્તો અને શિવભક્તોમાં ભેદ ઉભો કરે છે, કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષના નિવેદન પર પીએમનો પલટવાર જોવા મળ્યો. તેમને કહ્યું કે, કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષે બદઈરાદે નિવેદન આપ્યુ, કોંગ્રેસ રામ ભક્તો અને શિવ ભક્તોમાં ભેદ ઉભો કરે છે. મલ્લિકાર્જૂન ખડગેના નિવેદન પર પીએમ મોદીએ પ્રહાર કરતાં જણાવ્યું કે, કોંગ્રેસ હવે હિન્દુઓની આસ્થામાં પણ ભેદભાવ ઉભો કરે છે. કોંગ્રેસ ધર્મના આધારે રાજનીતિ કરી રહ્યું છે. ''કોંગ્રેસ અધ્યક્ષે રામ અને શિવને લઈ વિવાદાસ્પદ નિવેદન આપ્યું''- કોંગ્રેસના મેનિફેસ્ટોમાં મુસ્લિમ લીગની છાપ છે. કોંગ્રેસના મેનિફેસ્ટોમાં કોંગ્રેસનો નહીં પણ મુસ્લિમ લીગનો પંજો છે. પીએમ મોદીએ કોંગ્રેસ સામે આ સભામાં ત્રણ મોટા પડકારો પણ ફેંક્યા, કોંગ્રેસ લેખિતમાં આપે કે દેશના બંધારણમાં તે કોઈ છેડછાડ ના કરે. બંધારણ બદલી ધર્મના આધારે મુસ્લિમોને અનામત નહીં આપે. જી,'મ્ઞનો કોંગ્રેસ અનામતનો અધિકાર નહીં છીનવે. કોંગ્રેસ શાસિત રાજ્યોમાં તે વૉટબેંકની રાજનીતિ નહીં કરે. મારા ત્રણ પડકારોને કોંગ્રેસ દેશને લેખિતમાં ગેરેન્ટી આપે. પીએમે કહ્યું કે, ૯ દિવસ પહેલા મે કોંગ્રેસને ત્રણ પડકાર આપ્યા હતા, કોંગ્રેસની નિયતમાં ખોટ છે. બંધારણ માટે મારું સમર્પણ કેવું છે એ તમને યાદ હશે. હું ધૂમધામથી બંધારણની ૭૫મી વર્ષગાંઠ મનાવીશ.

### મિડીયાને જોઈ ઘરનો દરવાજો જ ન ખોલ્યો

## ગાયબ થયેલા કુંભાણી સુરતમાં સાક્ષાત પ્રકટ થયા

પ્રતિનિધિ દ્વારા

સુરત, તા. ૨

સુરતના ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિનહરીફ જાહેર થયા બાદથી કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણી ગાયબ થયા હતા. તેમના ટેકેદારોનો પણ કોઈ અત્તોપત્તો ન હતો. ત્યારે આખરે નિલેશ કુંભાણી સાક્ષાત પ્રકટ થયા છે. ગત અઠવાડિયે વીડિયો જાહેર કર્યા બાદ કોંગ્રેસના પૂર્વ ઉમેદવાર નિલેશ કુંભાણી બુધવારે રાતે સુરત પહોચ્યા હતા. નિલેશ કુંભાણી સુરત ખાતે પોતાના નિવાસસ્થાને આવી પહોચ્યાહતા. જેથી નિલેશ કુંભાણીના ઘરની બહાર પોલીસ બંદોબસ્ત મુકવામાં આવ્યો છે. નિલેશ કુંભાણી આવ્યાની જાણ થતા જ મીડિયાની ટીમ તેમના ઘરે પહોંચી હતી, પરંતુ તેઓએ ઘરનો દરવાજો ખોલ્યો ન હતો. સુરતમાં કોંગ્રેસ ઉમેદવાર નિલેશ કુંભાણી વિવાદ મામલે નિલેશ કુંભાણી ફરી ચર્ચામાં આવ્યા છે. બુધવારે રાતે સુરત આવી ગયેલા નિલેશ કુંભાણી મીડિયા સમક્ષ આવી મોટો ઘટસ્ફોટ કરે તેવી શક્યતા છે. સુરતમાં આવ્યા બાદ કુંભાણી પ્રેસ કોન્ફરન્સ કરવાના હતા, પરંતુ ગણતરી ના કલાકોમાં આ પ્રેસ કોન્ફરન્સ કેન્સલ કરાઈ હતી. તબિયત નાંદુરસ્ત હોવાનું બહાનું આપીને પ્રેસ કોન્ફરન્સ રદ કરાઈ હતી. હાલ નિલેશ કુંભાણીના ઘરે ફરી પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. અગાઉ કોંગ્રેસ દ્વારા કુંભાણીના ઘરે હોબાળો કરાયો હતો. સુરતમાં કોંગ્રેસે મોટાપાયે કુંભાણીનો વિરોધ દર્શાવેય હતો. ત્યારે ફરી કોઈ હોબાળો થાય તે આશંકાના પગલે પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. હવે આજે કુંભાણી શું કરે છે તે મોટી ચર્ચા છે. ગુજરાત કોંગ્રેસને હાઈકોર્ટથી મોટો ઝટકો મળ્યો છે. સુરતથી ભાજપ ઉમેદવાર મુકેશ દલાલની બિનહરીફ જીતને પડકારતી PIL નકારવામાં આવી છે. અરજી પર સુનાવણી કરવાનો હાઈકોર્ટ દ્વારા ઈન્કાર કરવામાં આવ્યો છે. સાથે જ આ વિવાદ માટે ઈલેક્શન પિટિશન ફાઈલ કરવા ટકોર કરાઈ છે. અરજીમાં મતદારો મતદાનની વંચિત રખાયાનો મુદ્દો ઉઠાવાયો હતો. મહત્વનું છે કે, સુરતથી કોંગ્રેસના ઉમેદવાર કુંભાણીના ફોર્મમાં ટેકેદારોની સહી મિસમેચ થતા અને ટેકેદારો રહસ્યમય રીતે ગાયબ થતા ફોર્મ રદ થયું હતું. જે બાદ અન્ય ઉમેદવારોએ પણ ઉમેદવારી પાછી ખેંચતા ભાજપના મુકેશ દલાલ બિનહરીફ વિજેતા જાહેર થયા હતા. જે બાદ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. જેને કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં ફગાવી દીધી છે. સુરત ભાજપાના ઉમેદવાર બિન હરીફ જાહેર થવા અંગેની જાહેરહિતની અરજી હાઈકોર્ટે ફગાવી દીધી છે. કોર્ટે જાહેર હિતની અરજી સ્વીકારવાનો ઈન્કાર કર્યો છે. સુરતના અરજદાર ભાવેશ પટેલે જાહેરત હિતની અરજીમાં દાવો કર્યો હતો કે સુરતમાં મતદારોને નકારાત્મક મતનો વિકલ્પ અપાયો નથી. મતદારોને નોટાના અધિકારીથી વંચિત રખાયા છે. આ કારણે અરજદારે ભાજપના ઉમેદવારને બિન હરીફ કરવાના નિર્ણયને રદબાતલ કરવા માંગ કરી હતી. ભાજપના ઉમેદવાર મુકેશ દલાલના બિનહરીફ જાહેર કરવી દેવાના ચૂંટણી પંચના નિર્ણયને પડકારતી અરજીની સુનાવણી કરવા હઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા આગ્રવાલની ખંડપીઠે સ્પષ્ટ શબ્દોમાં ઈન્કાર કર્યો હતો. હાઈકોર્ટે આ બાબતે કહ્યું કે, બિનહરીફ જાહેર થયેલ ઉમેદવારને પણ મતગણતરીની પ્રક્રિયા મારફતે ચુંટાયેલા ઉમેદવાર સમાન જ ગણાય. આ અરજી જાહેરહિતની અરજીના નિયમોમાં આવતી નથી. હાઈકોર્ટે અરજદારને ટકોર કરી કે, આ માટે ઈલેક્શન પીટિશન દાખલ કરો. તેને પીઆઈએલ તરીકે સ્વીકારાશે નહિ.

### જામનગરમાં વડાપ્રધાન મોદીએ ક્ષત્રિયોના બલિદાનની કરી પ્રશંસા

# કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ મુસ્લિમોને વોટજેહાદ માટે ભડકાવે છે : પ્રધાનમંત્રી



પ્રતિનિધિ દ્વારા

જામનગર, તા. ૨

લોકસભા ચૂંટણીમાં ગુજરાતમાં પ્રચાર અર્થે આવેલા પીએમ નરેન્દ્ર મોદીએ જામનગરમાં જંગી જનસભા સંબોધી હતી એ પહેલા તેમણે જામસાહેબની મુલાકાત કરી તેમના આશિર્વાદ મેળવ્યા હતા. આ સમયે જામસાહેબે તેમને પાઘડી પહેરાવી વિજયી ભવોઃના આશિર્વાદ આપ્યા હતા. આ વાતનો ઉલ્લેખ ખુદ પીએમ મોદીએ તેમની જનસભામાં કર્યો. પીએમ મોદીએ તેમની જનસભાની શરૂઆતમાં કહ્યુ કે ગુજરાત હોય કે તમિલનાડુ હોય કે કાશ્મીર કન્યાકુમારી હોય કે આસામ હોય જ્યાં જ્યાં ગયો, મે આવો ઉત્સાહ, આવો ઉમંગ અને આટલો બધો વિશ્વાસ અને કમિટમેન્ટ ન ૨૦૧૪માં જોયુ છે ન ૨૦૧૯માં જોયુ છે જે હું ૨૦૨૪માં જોઈ રહ્યો છુ. વડાપ્રધાને વધુમાં જણાવ્યુ કે ગુજરાતે વર્તમાનમાં દેશ માટે જે યોગદાન આપ્યુ છે એટલુ જ યોગદાન અતિતમાં પણ આપ્યુ છે.

જામનગરના મહારાજા દિગ્વિજય સિંહે દ્વિતિય વિશ્વયુદ્ધ સમયે પોલેન્ડના નાગરિકોને અહીં જામનગરમાં શરણ આપ્યુ હતુ. આજે પણ પોલેન્ટની પાર્લામેન્ટમાં જ્યારે સત્ર શરૂ થાય છે ત્યારે સૌથી પહેલા જામનગરને અને દિગ્વિજયસિંહજી મહારાજને યાદ કરવામાં આવે છે. બાદમાં પાર્લામેન્ટની કાર્યવાહી શરૂ થાય છે. તેમણે જે બીજ વાવ્યા તેના કારણે આજે પણ પોલેન્ડની સાથે આપણા સંબંધો ઘણા ગાઢ બન્યા છે. જેમ મે કહ્યુ જામ સાહેબના પરિવાર સાથે મારે જે નાતો રહ્યો છે. એમના આશિર્વાદ રહ્યા છે, તેથી અહીમ આવતા સમયે તેમના આશિર્વાદ લેવા માટે ગયો હતો અને તેમણે મને ઘણા પ્રેમથી પાઘડી પહેરાવી. આશિર્વાદ આપ્યા. જ્યારે જામ સાહેબ વિજયી ભવઃ કહે છે તો એ વિજય નિશ્ચિત જ થઈ જાય છે.

ક્ષત્રિયોની નારાજગી વચ્ચે જામનગરમાં વડાપ્રધાન મોદીએ ક્ષત્રિયોના બલિદાનની પ્રશંસા કરી અને કહ્યુ કે આપણા દેશના રાજા મહારાજાઓએ અખંડ ભારત બનાવવા માટે પોતાની પેઢીઓથી ચાલ્યુ આવતા રાજપાટ આપી દીધુ હતુ. તેમના યોગદાનને આ દેશ ક્યારેય ભૂલી નહીં શકે. પરંતુ આઝાદીના ૭૫ વર્ષ બાદ પણ ઈતિહાસની આ મહત્વપૂર્ણ ઘટનાને નકારી દેવામાં આવી. આજે પણ શહેઝાદા જે ભાષા બોલે છે તેને દેશ સ્વીકાર ન કરી શકે પરંતુ મે ભારતની એક્તામાં સરદાર વલ્લભભાઈ પટેલનું જે યોગદાન રહ્યુ છે અને દુનિયાનું સૌથી મોટુ સ્ટેચ્યુ બનાવ્યુ અને ત્યાં જ દેશની એક્તા માટે યોગદાન દેનારા રાજપરિવારોનું મ્યુઝિયમ બનાવવા જઈ રહ્યો છુ. આઝાદીના આટલા વર્ષો બાદ આ માનસન્માન દેવાનો કોઈ સરકારોને વિચાર ન આવ્યો, માત્ર મને આવ્યો છે. કારણ કે હું ઈતિહાસની મહાનતાને પૂજનારો વ્યક્તિઓમાંથી છું. હું જાણુ છુ કે જે ઈતિહાસને ભૂલી જાય છે તેઓ ક્યારેય ઈતિહાસ બનાવી નથી શક્તા.

ક્ષત્રિયોની નારાજગી મુદ્દે પીએમ મોદીએ આડકતરી રીતે કહ્યુ કે જો કોઈ મુદ્દાને લઈને કોઈને નારાજગી હોય અને કોંગ્રેસને મત આપવાનુ વિચારતા હોય તો તેમને મારે કહ્યુ છે કે સરકાર બનાવવા માટે દેશમાં ૨૭૨ સીટો હોવી જરૂરી છે. કોંગ્રેસ પાર્ટી ટોટલ ૨૭૨ સીટ પર ચૂંટણી જ નથી લડી રહી તો તેને વોટ આપીને વોટ શા માટે બર્બાદ કરો છો? આની પાછળ કોઈ લોજિક છે ખરુ?

પીએમ મોદીએ કહ્યુ કુપ્રચારથી શરૂ થયેલી કોંગ્રેસની રાજનીતિ આજે કુંઠિત થઈ ગઈ છે. તેમની કુંઠા પહેલા ગુજરાતને લઈને હતી. આજે કોંગ્રેસની અંદર દેશની પ્રગતિને લઈને પણ એજ કુંઠા, એજ નફરત રગ રગમાં ભરી પડી છે. આજે દુનિયામાં ભારતનું કદ પણ વધ્યુ છે અને ભારતનું સન્માન પણ વધી રહ્યુ છે. તો કોંગ્રેસના શહેઝાદા અને તેની પુરી ઈકોસિસ્ટમ વિદેશોમાં જઈ ભારતને બદનામ કરવા માટે લાંબા લાંબા ભાષણ દઈને આવે છે. એ લોકોએ જ્યારે સત્તા છોડી ૨૦૧૪માં ત્યારે આપણા દેશની અર્થ વ્યવસ્થા દુનિયામાં ૧૧માં નંબર પર હતી. તમને જાણીને નવાઈ લાગશે કે દેશ જ્યારે આઝાદ થયો હતો ત્યારે આપણે દુનિયામાં છઠ્ઠા નંબરે હતા. આ લોકો તેને ૬ થી ૧૧ નંબર પર લઈ ગયા અને એક ચાવાળો આવ્યો. એની રગોમાં ગુજરાતી લોહી છે અને દુનિયામાં ૧૧ નંબરની જે ઈકોનોમી હતી તે પાંચ નંબર પર પહોંચી ગઈ અને મને આપનો આશિર્વાદ સત્તા સુખ માટે નથી જોઈતો. પદ પ્રતિષ્ઠા માટે નથી જોઈતો ૨૦૧૪માં પ્રધાનમંત્રીના શપથ લીધા બાદ ઈતિહાસમાં નામ નોંધાઈ ગયુ છે. મોદીના મનમાં એક સંકલ્પ છે અને એ સંકલ્પને આ ત્રીજી ટર્મમાં પુરો કરવો છે. મારો સંકલ્પ છે કે હિંદુસ્તાનને દુનિયાની પ્રથમ ત્રણ અર્થવ્યવસ્થાઓમાં લાવીને મુકવુ. આપ કલ્પના કરી શકો છે જ્યારે વિશ્વમાં ત્રીજા નંબરની અર્થવ્યવસ્થા ભારત બને છે તો દુનિયા માટે ભારતને જોવાનો નજરિયા પણ કેટલો બદલાઈ જશે. ભારતની આવશ્યક્તાઓની પૂર્તિ ભારતની આકાંક્ષાઓની પૂર્તિ ભારતના નવજવાનોના સપનાને સાકાર કરવાનું સામર્થ્ય હિંદુસ્તાનનું પોતાનુ હશે. ભારત આત્મનિર્ભર હશે. હિંદુસ્તાનને દુનિયામાં ક્યારેય કોઈની પાસે હાથ ફેલાવાની જરૂર નહીં પડે. આવુ ભારત બનાવવા માટે મારે આશિર્વાદ જોઈએ

વડાપ્રધાને કહ્યુ કોંગ્રેસના મોટા મોટા વિદ્વાનો દેશની પ્રગતિને નીચી દેખાડવા માટે કહે છે ત્રીજા નંબરની ઈકોનોમી બનવા માટે કરવાની શું જરૂર છે, સૂતા રહો. જે લોકો દરેક વસ્તુનું સોલ્યુશન ખટાખટ ખટાખટ કરીને ગરીબી દૂર કરવાની વાતો કરે છે, તેમને સમસ્યાઓ, પડકારોની સામે કેવી રીતે ટકરાવુ, સમસ્યાઓનું સમાધાન કરવુ, તે ક્યારેય કદી વિચાર્યુ પણ નહીં હોય. કોંગ્રેસનો મેનિફેસ્ટો દેશ માટે ખતરાની ઘંટી છે. કોંગ્રેસના મેનિફેસ્ટોમાં મુસ્લિમ લીગની છાપ જોવા મળે છે. એ સમયે કેટલાક લોકોને લાગ્યુ હશે કે આ તો એક પોલિટિકલ સ્ટેટમેન્ટ છે. જે ભાષા મુસ્લિમ લીગ બોલતી હતી, દેશની આઝાદી પહેલા ભારતના વિભાજનની ભાષા, જે નેરેટિવ ઘડવામાં આવ્યા હતા, દુર્ભાગ્યથી કોંગ્રેસનો મેનિફેસ્ટો એજ તમામ વાતો સાથે લોકો પાસેથી વોટ માગી રહ્યા છે. ઈન્ડી એલાયન્સની રેલીઓમાં ઈન્ડી એલાયન્સના નેતા મુસ્લિમ વોટર્સને વોટ જેહાદ કરવાની અપીલ કરે છે.

પીએમએ કહ્યુ કોંગ્રેસનો વોટ જેહાદ સાથે સંબંધ શું છે તે ઈતિહાસમાં ડોકિયુ કરવાથી તમને ખબર પડશે. તમે યાદ કરો જ્યારે દેશમાં જેહાદના નામ પર આતંકી હુમલા થતા હતા ત્યારે આ આતંકીઓની પેરવી માટે સૌથી પહેલા કોંગ્રેસના લોકો આગળ આવતા હતા. કાશ્મીરમાં અલગાવવાદી જેહાદીઓની યજમાની તત્કાલિન પ્રધાનમંત્રી કરતા હતા અને તેની તસ્વીરો પણ અત્યારે ઉપલબ્ધ છે.

## ચીખલીમાં લાખોનો વીમો પકવવા માટેના પ્લાન ઘડીને છેતરપિંડી કરી

પ્રતિનિધિ દ્વારા

નવસારી, તા. ૨

લાખો રૂપિયાના કપાસનો વીમો ઉતરાવી તેની જગ્યાએ વેસ્ટ કપાસ ભરીને ટ્રક સાથે સળગાવી ૨૯.૯૬ લાખ રૂપિયાનો વીમો પકવવાની ફિરાકમાં રહેલા ટ્રક ચાલક અને માલિક સહિત ૪ લોકોની સામે ગુનો નોંધી ચીખલી પોલીસે ચાલક અને માલિકની ધરપકડ કરી છે અને બેને વોન્ટેડ જાહેર કર્યા છે. વેપારીઓ, ખેડૂતો પાક ઉપર લાખોનો વીમો લેતા હોય છે. જેથી કોઈ અઘટિત ઘટના બને તો તેમની મહેનત ઉપર પાણી ન ફરી વળે. પરંતુ આ સુવિધાનો ઘણા વેપારીઓ કે ખેડૂતો ખોટો ફાયદો ઉઠાવી લાખો ગજવે ઘાલી લેતા હોય છે. આવી જ કઈક ઘટના નવસારીના ચીખલીમાં સામે આવી છે. ગત ૨૨ એપ્રિલના રોજ ખલીલ નજીર મહમદ મન્સૂરીએ મહારાષ્ટ્રના નંદુરબારથી તેની ટ્રકમાં ૨૯.૯૬ લાખ રૂપિયાના કપાસના કાર્ટૂન ભર્યા હતા અને તેને લઈને સેલવાસની આલોક કંપનીમાં જતો હતો. ખલીલે આટલું મોંઘુ કપાસ હોવાથી તેનો વીમો ઉતરાવ્યો હતો. પરંતુ રસ્તામાં ખલીલ અને તેના ટ્રક ચાલક આરીફ શબ્બીર મન્સૂરી તમેજ અન્ય બે સભ્યો શાહરૂખ મુબારક મન્સૂરી અને સદામ સાથે મળીને લાખોના કપાસને બાળીને તેનો વીમો પકવવાનો પ્લાન ઘડી કાઢ્યો હતો. જેમાં ૨૩ એપ્રિલની વહેલી સવારે વાંસદાથી ચીખલી માર્ગ પ્ર રાનકુવા પાસે ટ્રકમાંથી લાખોના કપાસના કાર્ટૂન અન્ય ટ્રકમાં ભરીને કાઢી લીધા હતા અને તેની જગ્યાએ હલકી કક્ષાનું કપાસ ભરી, તેમાં આગ લગાડી દીધી હતી. અચાનક ટ્રકમાં આગ લાગી હોવાની વાત ફેલાવી, સ્થાનિક પોલીસને પણ જાણ કરી હતી. આગમાં ૨૯.૯૬ લાખ રૂપિયાનું કપાસ અને ૧૨ લાખ રૂપિયાની ટ્રક પણ બળીને રાખ થઈ ગઈ હતી. જેમાં ટ્રક ચાલક આરીફ મન્સૂરી અને ખલીલ મન્સૂરીની ફરિયાદને આધારે ચીખલી પોલીસે તપાસ આરંભી હતી. પરંતુ શરૂઆતથી જ પોલીસને ટ્રકમાં આગ લાગવા મુદ્દે શંકા હતી જેથી FSL ની ટીમ પાસે પોલીસે બારીકાઈથી તપાસ કરાવતા તેમાં આગ જાતે જ લગાડવામાં આવી હોવાનું જણાયુ હતું. સાથે જ ટ્રકમાં કપાસના કાર્ટૂન ન હોવાનું પણ સામે આવ્યું હતું. જેથી પોલીસે ગત ૨૬ એપ્રિલના રોજ ટ્રક ચાલક આરીફ મન્સૂરી, ટ્રક માલિક ખલીલ મન્સૂરી, શાહરૂખ મન્સૂરી અને સદામ સામે ૨૯.૯૬ લાખના કપાસને અન્યત્ર વેચી કાઢી, તેને ટ્રકમાં સળગી ગયુ હોવાની વાર્તા ગઢી, લાખોનો વીમો પકવવા માટેના પ્લાન ઘડીને છેતરપીંડી કરી હોવાનો ગુનો નોંધ્યો હતો. જેમાં ટ્રક આરીફ મન્સૂરી અને ખલીલ મન્સૂરીની ધરપકડ કરી હતી. જ્યારે શાહરૂખ અને સદામને વોન્ટેડ જાહેર કરી તપાસને વેગ આપ્યો છે.

